પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com


# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૧૦, કુલ પાના:૪, તારીખ: ૦૩-૦૯-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 10 PRICE :-RS. 1.50 DATE : 03-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભાજપ પ્રજાનો વિશ્વાસ જીતવાની જમીન છે: સંરક્ષણ મંત્રી




વડોદરા,

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના ડ્રીમ પ્રોજેક્ટ ગુજરાત ડિજિટલ કનેક્ટનું ગ્રાન્ડ લોન્ચિંગ થશે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની ઉપસ્થિતિમાં વિશેષ એપ્લિકેશનો અને પ્રોગ્રામ્સથી સજ્જ ૭૫૦ મહત્વના કાર્યકરોને ટેબલેટ અપાયા હતા. આ ટેબલેટમાં કેન્દ્ર તથા ગુજરાત સરકારની તમામ જનહિતની યોજના, કાર્યક્રમોની વિગતો, ફોર્મ વગેરે રહેશે. આ ઉપરાંત પાર્ટીના કાર્યક્રમો, વિઝન, જે-તે કાર્યકરના પ્રવાસો, સંપર્ક અને ભાવિ કાર્યક્રમો પણ અપડેટ કરી શકાશે. કાર્યકર દ્વારા કોઇ રજૂઆત થઇ હોય તો તેની પ્રગતિ ક્યાં સુધી પહોંચી તેની જાણકારી તેને પ્રાપ્ત થાય એ દિશામાં કામગીરી શરૂ કરાઈ છે. આ બેઠકમાં ચૂંટણી દરમિયાન પ્રચાર કેવી રીતે કરવો અને ભાજપના તમામ સભ્યોએ સોશિયલ મીડિયામાં કેવી રીતે એક્ટિવ રહેવું અને ચૂંટણી સુધી વ્યૂહ રચના કરીને ૨૭ વર્ષની સત્તા વિરોધીતાને મતોમાં કેવી રીતે રૂપાંતરિત કરવી. આ અંગે માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત લોકોની વચ્ચે જવું અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરવા સિવાય, જો કોરોનાની બીજી લહેરમાં ક્યાંય પણ વહીવટની અછત હોય, તો તેને કેવી રીતે દૂર કરવી તે અંગે ચર્ચા કરવામાં આવશે. પ્રદેશ ભાજપની કારોબારીની બેઠક કેવડિયા કોલોની ખાતે શરૂ થઈ ગઈ છે, ત્યારે તેમાં ભાગ લેવા માટે વડોદરાથી ૨૫થી વધુ આગેવાનો કેવડિયા પહોંચી ગયા છે. કોરોનાના વળતા પાણી થઈ રહ્યા હોવાના અણસાર મળતા પ્રદેશ ભાજપની ઓફલાઈન કારોબારીની બેઠક બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.જેના ભાગરૂપે કેવડિયા કોલોની ખાતે તારીખ ૧ સપટેમ્બરથી ત્રણ દિવસ માટે ભાજપના આગેવાનો હાજર રહેશે. આ કારોબારીની બેઠકમાં કેન્દ્રિય મંત્રી રાજનાથસિંહ, ગુજરાતના પ્રભારી ભુપેન્દ્ર યાદવ ઉપરાંત ગુજરાતના કેન્દ્રના પાંચ મંત્રી પણ ઉપસ્થિત રહેનાર છે. આગામી વર્ષની વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ચર્ચા કરવા માટે આયોજિત પ્રદેશ ભાજપની કારોબારીની બેઠકમાં ભાગ લેવા માટે વડોદરા ભાજપના ૨૫ થી વધુ આગેવાનો કેવડિયા કોલોની પહોંચ્યા હતા, જેમાં શહેર ભાજપ અધ્યક્ષ ડો.વિજય શાહ મહામંત્રીઓની સાથે રવાના થયા હતા. તો સાંસદ રંજનબેન ભટ્ટ, પૂર્વ મેયર એન.વી.પટેલ અને પૂર્વ ડેપ્યુટી મેયર ડો. જીવરાજ ચૌહાણ સાથે ગયા હતા અને મેયર કેયૂર રોકડિયા, પૂર્વ પ્રદેશ મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને પૂર્વ સાંસદ બાળુ શુક્લ સાથે રવાના થયા હતા. ગુજરાત ભાજપના પ્રદેશ કારોબારીની બેઠક કેવડિયા કોલોની સ્ટેચ્યૂ ઓફ યુનિટી નજીક નર્મદા ટેન્ટ સિટી-૨માં ચાલી રહી છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે સવરે કેવડિયા પહોંચ્યા હતા અને ભાજપ પ્રદેશ કારોબારીની બેઠકનો પ્રારંભ કરાવ્યો હતો. કારોબારી બેઠકમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં આતંકવાદ નથી એ પીએમ મોદીને આભારી છે. થોડા સમયમાં હથિયાર ઉત્પાદનમાં પણ ભારત અગ્રેસર હશે. બે વર્ષમાં ભારતે ૧૭ હજાર કરોડની નિકાસ કરી છે અને વિપક્ષો ભાજપને ચૂંટણી જીતવાનું મશીન કહે છે. ખરેખર ભાજપ પ્રજાનો વિશ્વાસ જીતવાની જમીન છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પણ ભાજપને સતત સફળતા મળી રહી છે, તેનું એકમાત્ર કારણ એ છે કે, ગુજરાતમાં પર્ફોમન્સનું પોલિટિક્સ છે. મુખ્યમંત્રી અને સંગઠનના લોકોએ એ કરી બતાવ્યું છે. હું સી.આર પાટીલ, વિજય રૂપાણીથી લઈને તમામ લોકોને હું તેનો શ્રેય આપુ છું. ભાજપની ગુજરાતની છબી આખા ભારતમાં જોવા મળી રહી છે, જેનો શ્રેય તમામ કાર્યકર્તા ભાઈઓ-બહેનોને જાય છે.વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે પધારેલા કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ તથા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરદાર પટેલની વિરાટ પ્રતિમા સમક્ષ શીશ ઝૂકાવીને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. સંગઠનના કાર્યકરોને માર્ગદર્શન આપવા માટે આવેલા કેન્દ્ર સરકારના મંત્રી મંડળના સદસ્યો પુરુષોત્તમ રૂપાલા, ભૂપેન્દ્ર યાદવ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા, સાંસદ સી. આર. પાટીલ સહિતના વરિષ્ઠ આગેવાનો સાથે જોડાયા હતા. સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષવા ચાલી રહેલા વિવિધ વિકાસ કામો તથા પ્રોજેક્ટ અંગે નેતાઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીના કેવડિયાને ઈલેક્ટ્રિક વાહન યુક્ત સિટી બનાવવાના ધ્યેયને કારણે મંત્રીઓ અને આગેવાનોને ગાડીઓ નહીં લાવવા કહેવામાં આવ્યું છે. આ કારોબારીમાં પદાધિકારીઓ ઉપરાંત ૬૦૦ જેટલા આગેવાનો ઉપસ્થિત રહેશે. તમામને ભાજપના કારોબારી સભ્યોને જૈની સૂચના અપાઈ છે. જેનું પાલન કરી રહ્યા છે.આ બેઠકમાં ભાગલેવા આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી સીધા હેલિકોપ્ટરથી કેવડિયા પહોંચ્યા છે. આ ઉપરાંત કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ પણ કેવડિયા પહોંચી ગયા છે. આ બેઠકમાં ગુજરાત ડિજિટલ કનેક્ટ પ્રોજેક્ટનું લોન્ચિંગ થશે. વિધાનસભાની ચૂંટણી અંગેનો રોડ મેપ તૈયાર કરવામાં આવશે. આ માટે પાટીલની જમ્બો કારોબારીમાં ચર્ચા કરવામાં આવશે. આ બેઠકના વિવિધ એજન્ડાની સાથે કારોબારી સભ્યો માટે ખાસ ગાઈડલાઈન આપવામાં આવી છે.

## રહસ્ય સચિવ સ્ટેનોગ્રાફરની પરીક્ષા રદ કરવા લેખિત રજુઆત કરાઈ

ગાંધીનગર,

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રહસ્ય સચિવ માટે ગત ૨૬ ઓગસ્ટના રોજ પરીક્ષાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ પરીક્ષામા એકને ગોળ અને બીજાને ખોળ જેવી સ્તિથિ ઉભી કરવાનો ઉમેદવારો દ્વારા આક્ષેપ કરવામા આવ્યો છે. ઉમેદવારોને માત્ર એક પેડના આધારે પરીક્ષા પાસ કરવી પડે તેવી સ્થિતિ ઉભી કરી હતી. તે ઉપરાંત વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે, એક જ દિવસમાં પરીક્ષામા બે બેંચ પાડીને અલગ અલગ પેરેગ્રાફ આપવામા આવ્યા હતા. ત્યારે આ પરીક્ષાને રદ કરવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે.સરકારી નોકરી માટે ઉમેદવારો રાત દિવસ એક કરી રહ્યા છે. અથાગ મહેનત બાદ પણ પરીક્ષા આયોજકોની ભુલના કારણે અનેક ઉમેદવારોનુ સરકારી કર્મચારી બનવાનુ સ્વપ્ન રોળાઈ જાય છે. ગત ૨૬ ઓગસ્ટના રોજ જીપીએસસી દ્વારા



રહસ્ય સચિવની જગ્યા માટે ગુજરાતી સ્ટેનોની પરીક્ષા લેવામા આવી હતી. જેમા જીપીએસસી દ્વારા વિસંગતતા ઉભી કરવામા આવી છે. જેને લઈને પરીક્ષા આપનાર ઉમેદવારો દ્વારા પરીક્ષા જ રદ કરવાની માંગ કરવામા આવી છે. જેને લઈને રાજ્યપાલથી લઈને વિપક્ષ નેતા વિધાનસભાને લેખિત રજૂઆત કરી છે. પરીક્ષા આપનાર ઉમેદવાર મેહુલકુમાર ચૌધરીએ કહ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૫-૧૬મા બે દિવસમાં એક સમાન પેરેગ્રાફ સાથે પરીક્ષા લીધી હતી. જ્યારે ગત ૨૬મીએ પરીક્ષા લેવામા આવી છે, તેમા એક દિવસમાં બે પેરેગ્રાફ આપવામા આવ્યા હતા. જેમા કેટલાક ઉમેદવારોને નુકશાન થઈ શકે છે. તે ઉપરાંત બેઠક વ્યવસ્થા સંપૂર્ણ પણે ખાડે ગયેલી જોવા મળી હતી.ઉમેદવારોને બેસવા માટે યોગ્ય બેંચ પણ ફાળવી ન હતી. પ્રતિ મિનીટમા ઉમેદવારે ૯૦ શબ્દો લખવાના હોય છે. પરંતુ ઉમેદવારોને લખવા માટે યોગ્ય વ્યવસ્થા કરાઈ ન હતી, ત્યારે કેવી રીતે ઉમેદવાર પરીક્ષાનુ પેપર પુરુ કરી શકે ?. આ બાબતે ઉમેદવારો દ્વારા મુખ્યમંત્રી, રાજ્યપાલ, વિધાનસભા અધ્યક્ષ, મુખ્ય સચિવ, ચેરમેન જીપીએસસી સહિતને પરીક્ષા રદ કરવા લેખિત રજુઆત કરી છે. જ્યારે પરીક્ષા રદ કરવામા નહિ આવે તો આગામી સમયમાં નવુ આંદોલન ઉભુ થાય તેવા એંધાણ જોવા મળી રહ્યા છે.

## રાહુલ અને પ્રિયંકા ગાંધી પ્રશાંત કિશોરને પાર્ટીમાં ખાસ પદ આપવા મુદ્દે રાજી

નવી દિલ્હી,

બંગાળ અને તમિલનાડુમાં તૃણમૂલ અને DMK માટે રણનીતિ PKએ બનાવી અને આ સફળતાથ પ્રભાવિત કેટલાક કોંગ્રેસ લીડર્સનું માનવું છે કે PKને સામેલ કરવાનું ફાયદાકારક હોઈ શકે છે.ચૂંટણીની હારે કોંગ્રેસ હાઈકમાન્ડને હેરાન કરી નાંખ્યું છે. હવે પાર્ટીને નવી દિશા અને વિચારની જરૂરિયાત છે. આ સિવાય અહમદ પટેલના મૃત્યુ પછી સોનિયા ગાંધીને એક સલાહકારની જરૂરિયાત છે અને આ શોધ તેમને PK સુધી લઈ આવી છે. જુલાઈમાં જ્યારે પ્રશાંત કિશોર સોનિયા, રાહુલ અને પ્રિયંકાને



મળ્યા હતા, ત્યારે પણ તેમના રોલને લઈને લાંબી ચર્ચા થઈ હતી. PKએ એવા સોનિયા, રાહુલ, પ્રિયંકાએ પાર્ટી માટે મોટો ગેમ પ્લાન બનાવ્યો. તેની ચર્ચા જુલાઈમાં થયેલી મીટિંગ દરમિયાન પ્રશાંત કિશોર સાથે પણ થઈ હતી. કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં પ્રશાંત કિશોરનો મોટો રોલ ઈચ્છે છે. જેથી તે નિર્ણાયક લડાઈ માટે કોંગ્રેસને તૈયાર કરી શકે ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર એટલે કે PK લગભગ બે મહિના પહેલા દિલ્હીમાં કોંગ્રેસના ઈન્ટરિમ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને મળ્યા હતા. તે પછી એ વાત લગભગ નક્કી થઈ ગઈ કે PK કોંગ્રેસ જોઈન કરશે અને તેમને પાર્ટીમાં ખાસ જવાબદારી પણ મળશે. રાહુલ અને પ્રિયંકા આ મુદ્દે રાજી છે, જોકે કેટલાક સીનિયર્સને આ મુદ્દે વાંધો છે. હવે ફાઈનલ નિર્ણય સોનિયા ગાંધી કરશે. કોંગ્રેસમાં લીડરશીપને લઈને સવાલ ઉઠાવી ચુકેલુ G-23 ગ્રુપ ઈચ્છતું નથી કે પ્રશાંત કિશોરની પાર્ટીમાં એન્ટ્રી થાય અને તેમને વિશેષ દરજ્જો આપવામાં આવે. આ મામલા પર આ નેતાઓએ કપિલ સિબ્બલના ઘરે એક બેઠક પણ કરી હતી. એક નેતાનું કહેવું છે કે પ્રશાંત કિશોરની પાસે કોઈ જાદુઈ લાકડી નથી. આ સિવાય તેમને પાર્ટીના કલ્ચર અને તેની વિચારશરણીને અપનાવવામાં પણ મુશ્કેલી આવશે. રાહુલ અને પ્રિયંકા ગાંધીને PK પર એટલે વાંધો છે કારણ કે બંનેની સાથે PKએ ૨૦૧૭ની ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં સાથે કામ કર્યું હતું. જોકે ત્યારે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સાથે હતી, જોકે પરિણામ આ ગઠબંધનના પક્ષમાં આવ્યા નહોતા.

## અમદાવાદ એરપોર્ટ પર પેસેન્જરોની સંખ્યા વધી પરંતુ સુરક્ષાકર્મીઓની સંખ્યા એટલી જ

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટથી અંદાજે ૧૨૫ ફ્લાઈટોનું સંચાલન થતું હતું જેમાં ૮૦૦૦થી ૧૦૦૦૦ પેસેન્જરોની દરરોજ અવરજવર રહેતી હતી. તે સમયે પેસેન્જરોની સંખ્યા અને ફ્લાઈટોની સંખ્યાને ધ્યાનમાં રાખી એરપોર્ટની સુરક્ષા માટે ૮૫૦ સીઆઈએસએફના જવાનો ફાળવાયા હતા. પરંતુ આજે એરપોર્ટનું ડેવલપમેન્ટ થવાની સાથે ફ્લાઈટોની સંખ્યા પણ વધીને લગભગ ૨૦૦ જેટલી થવાની સાથે પેસેન્જરોની સંખ્યા ૨૦ હજાર સુધી પહોંચી છે. એરપોર્ટથી કાર્ગો મુવમેન્ટ પણ વધવાની સાથે લોકોની અવર જવર વધી છે. પરંતુ તેમની સુરક્ષા માટે જવાનોની સંખ્યામાં કોઈ વધારો થયો નથી.આ પરિસ્થિતિમાં એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત થાય તેની સાથે એરપોર્ટના એરિયામાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ટર્મિનલના બન્ને ગેટ, ટર્મિનલની અંદર, રનવે એરિયામાં, એરપોર્ટ બાઉન્ડ્રી એરિયામાં, એટીસી, બેગેજ સ્કેનર, કાર્ગો ગેટ, ગુજસેલ, વીવીઆઈપી ગેટ સહિત અન્ય વિસ્તારમાં સુરક્ષા વધારી શકાય તે માટે જવાનોની સંખ્યા વધારવાની માગણી કરવામાં આવી છે અમદાવાદના



સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર છેલ્લા ૫ વર્ષ દરમિયાન ફ્લાઈટોની સંખ્યા વધવાની સાથે પેસેન્જરોની સંખ્યામાં પણ ઉછાળો આવ્યો છે. એરપોર્ટ હાલમાં પેસેન્જર સંખ્યામાં દેશમાં સાતમા નંબરે છે. પરંતુ એરપોર્ટની સાથે પેસેન્જરોની સુરક્ષા માટે ૫ વર્ષ પહેલા પેસેન્જરોની સંખ્યા મુજબ ફાળવાયેલા સીઆઈએસએફના ૮૫૦ જવાનો આજે પણ ફરજ બજાવી રહ્યા છે. આ જવાનોની સંખ્યા ઓછી હોવાથી તેમના પર કામનું ભારણ વધી રહ્યું છે. ત્યારે જવાનોની સંખ્યા વધારવા સીઆઈએસએફના અમદાવાદના ઉચ્ચ અધિકારીઓએ દિલ્હી હેડક્વાર્ટરમાં પત્ર લખ્યો છે. જેને આગામી દિવસોમાં મંજૂરી મળી જતા જવાનોની સંખ્યા વધારીને ૧૪૦૦ કરાય તેવી શક્યતા છે.અંદાજે ૧૧૨૪ એકર એટલે કે ૪.૫૫ કિલોમીટર એરિયામાં અમદાવાદ એરપોર્ટ વિસ્તરેલું છે અને તેનો રનવે પણ ૩.૬ કિલોમીટર લાંબો છે.

## BPL કાર્ડના સર્વે મુજબ ધનવાન લોકો પણ BPL કાર્ડની રેખામાં સામેલ છે

ગાંધીનગર,

ગરીબોના બીપીએલ કાર્ડમાં શ્રીમંતો ઘૂસી ગયા છે અને વ્હાલાદવલાની નિતી અખત્યાર કરવામાં આવતા જરૂરિયામંદ લાભથી વંચિત રહે છે તેવી વડોદરાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી હતી. જેનાપગલે બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં બીપીએલ કાર્ડની ચર્ચા થઈ હતી અને ફરીવખત સર્વે કરવો કે યાદીની ચકાસણી કરવાનો સૂર વ્યકત કરવામાં આવ્યો હતો.બીપીએલ કાર્ડમાં શ્રીમંત નાગરિકોએ તેમના નામ ઘૂસાડી દીધા છે. બીપીએલ કાર્ડને હવે પ્રધાન મંત્રી આવાસ યોજના સાથે સાંકળી હોવાથી તેનો લાભ ગરીબ વર્ગ સિવાયનો લોકો પણ લઈ જાય છે.આથી યાદીની ચકાસણી કરવી કે ફરી સર્વે કરવો જોઈએ તેવી સૂર કેબિનેટમાં ઉઠયો હતો. આ ઉપરાંત રાજ્યમાં શિક્ષક દિનની ઉજવણી અંગે પણ ચર્ચા થઈ હતી. જેમાં મુખ્ય કાર્યક્રમ અમદાવાદમાં જ્યારે જિલ્લા સ્તરે જિલ્લા કક્ષાના કાર્યક્રમ યોજાશે.

## તાલિબાની કબજા પછી અફઘાનિસ્તાન પર ભારતની ૧૩ યોજનાઓ પર બ્રેક

નવી દિલ્હી,

ભારત અફઘાનના ૩૪ પ્રાંતમાં ૧૩ મોટી યોજનાઓ પર કામ કરી રહ્યું હતું જે ૫૧૦ કરોડની છે. હવે તેના પર બ્રેક વાગી ગઈ છે. કાબુલના લોકોનું સૌથી મોટું નુકસાન શહતૂત ડેમ યોજના થંભી જવાથી થશે. તેના પર ભારતે ૭૦૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવાની તૈયારી કરી હતી. ડેમથી કાબુલની પ્રજાને સતત પાણી મળવાનું હતું. ભારતે સામુદાયિક વિકાસના કાર્યક્રમો માટે ૧,૪૦૦ કરોડ રૂ.ની અલગથી સહાય આપવાની જાહેરાત કરી હતી. તાલિબાનની વાપસીથી ભારતને શું નુકસાન થશે તેને લઈને રાજદ્વારી તારણો જારી છે પણ વાસ્તવિક હકીકત એ છે કે અફઘાનની પ્રજાની લાઈફલાઈન મનાતી ભારતની આર્થિક સહાયતા પર તાત્કાલિક ધોરણે બ્રેક વાગી ગઈ છે. અફઘાનમાં અનિશ્ચિતતાની સ્થિતિ છે અને એવામાં નિર્માણાધીન યોજનાઓ માટે કોઈ મદદ લેનાર જ નથી. ભારતે અલગ અલગ સમયે અફઘાનને ૨૧,૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક મદદ આપવાનો વાયદો કર્યો હતો. હવે તે અટવાઈ ગયા છે કેમ કે અફઘાન ફરીથી ૧૯૯૬ના આતંકી શાસન તરફ પાછું ફર્યું છે. અફઘાની પ્રજા માટે એ રાહતની વાત છે કે ૨૦૨૦-૨૧ માટે નક્કી ૩૫૦ કરોડ રૂપિયાની સહાય રકમમાંથી ૭૬ ટકા ખર્ચ થઈ ચૂકી હતી. તે ઉપરાંત ભારતે ૩,૪૫૦ કરોડ રૂપિયાની યોજનાઓ પૂરી કરી અફઘાનને સોંપી હતી.

## RTPCR રિપોર્ટ વગર પંજાબ રાજ્યમાં નો એન્ટ્રી

પંજાબ,

દેશ માં આ વખતે કોરોનાની બીજી લહેર ઘાતકી જોવા મળી હતી . જેમાં લાખો લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારે હવે અમુક દેશોમાં કોરોનાની ત્રીજી લહેરનું જોખમ વધતું જોવા મળી રહ્યું છે. દેશ માં કોરોનાના નવા કેસોમાં ઉછાળો આવતા જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત એક દિવસમાં ૪૭,૦૯૨ નવા કોરોના કેસ નોંધાયા છે, જ્યારે ૫૦૯ લોકો કોવિડમાં મૃત્યુ પામ્યા છે. તે અંતર્ગત પંજાબ સરકારે પંજાબ સરકારે કોવિડ માટે નવી માર્ગદર્શિકા જારી કરી છે. આ માર્ગદર્શિકા રાજ્યમાં ૧૫ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. બહારના રાજ્યોમાંથી પંજાબ આવતા લોકો, પછી ભલે તેઓ રસ્તા મારફતે આવતા હોય અથવા હવાઈ માર્ગે પંજાબ આવતા હોય, તેમણે ૭૨ કલાકની અંદર આરટી-પીસીઆરનો નેગેટિવ રિપોર્ટ બતાવવો પડશે અથવા તેમની પાસે બંને રસી હોવી જોઈએ. તે મહત્વની માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. CM કેપ્ટન અમરિંદર સિંહે કોરોનાની નવી માર્ગદર્શિકા જાહેર કરતા કહ્યું કે હવે રાજ્યમાં કોરોનાના નેગેટિવ રિપોર્ટ વગર પ્રવેશ નહીં થાય. આ સાથે, પંજાબમાં પણ મેળાવડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઈન્ડોર ૧૫૦ લોકો અને આઉટડોર ૩૦૦ લોકો ભેગા થઈ શકે છે. જીમ, સિનેમાઘરો અને રેસ્ટોરાં ૫૦ ટકા ક્ષમતા સાથે ખુલ્લા રહેશે.

## વેબ પોર્ટલ અને યુટ્યૂબ ચેનલોનાં કન્ટેન્ટને લઈને સુપ્રીમ કોર્ટે લાલઘુમ



નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે નિયામક તંત્રના અભાવે વેબ પોર્ટલ્સ અને યુટ્યૂબ ચેનલો પર ચાલી રહેલા ફેક ન્યૂઝ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કોઈપણ જવાબદારી વિના વેબ પોર્ટલ પર સામગ્રી પીરસવામાં આવી રહી છે. મુખ્ય ન્યાયાધીશ એનવી રમનાની અધ્યક્ષતાવાળી બેચ જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી, જેમાં મરકજ નિઝામુદ્દીન ખાતે ધાર્મિક બેઠક સાથે સંબંધિત બનાવટી સમાચારોનો ફેલાવો અટકાવવા અને કડક પગલાં લેવા માટે કેન્દ્રને નિર્દેશો આપવાની માગ કરવામાં આવી હતી. આ માટે જવાબદારો સામે પગલાં લેવાની માગ કરવામાં આવી હતી. બેન્ચે સવાલ કરતાં કહ્યું હતું કે સમાચાર ચેનલોના એક ભાગમાં જાહેર કરવામાં આવતા લગભગ દરેક સમાચારમાં સાંપ્રદાયિક રંગ હોય છે. આનાથી દેશની બદનામી થવાનો ભય રહેલો છે. શું તમે આવી ચેનલોને નિયમનમાં લાવવા પ્રયત્ન કર્યો? સોશિયલ મીડિયા માત્ર શક્તિશાળી અવાજોને સાંભળે છે અને કોઈપણ જવાબદારી વગર ન્યાયાધીશો, સંસ્થાઓ વિરુદ્ધ ઘણી વસ્તુઓ લખવામાં આવતી હોય છે. બેન્ચે કહ્યું હતું કે વેબ પોર્ટલો અને યુટ્યૂબ ચેનલોમાં ફેક ન્યૂઝ માટે કોઈ નિયંત્રણ નથી. જો તમે યુટ્યૂબ ખોલશો તો ફેક ન્યૂઝ સરળતાથી પ્રસારિત થાય છે અને કોઈપણ યુટ્યૂબ પર એક ચેનલ શરૂ કરી શકે છે.

## ભારતમાં સૂકામેવાની આવક શરૂ થતા ભાવ ઘટ્યા



અમદાવાદ,

ભારતમાં દર વર્ષે ૪૦ હજાર ટન જેટલા સૂકા મેવા અને તેજાનાની આયાત થાય છે. તાજેતરમાં અફઘાનિસ્તાનમાં સૂકા મેવાનો બમ્પર પાક થયો છે અને હાલની પરિસ્થિતિ છતાં નિકાસકારો ભારતીય ગ્રાહકોના સંપર્કમાં છે. ભારતમાં દિવાળી અને બીજા તહેવારો પહેલાં જ સૂકામેવા-તેજાનાની નિકાસ સપ્ટેમ્બરમાં શરૂ કરી દઈએ છીએ.અફઘાનિસ્તાનથી દ્રાક્ષ, પિસ્તા, જરદાળુ, અંજીર, હિંગ અને શાહજીરૂની આવકો શરૂ થતાં ભાવમાં ઘટાડો નોંધાયો છે. આ અગાઉ અફઘાનિસ્તાનમાં સત્તા પલટાને કારણે સૂકામેવાના કન્સાઈનમેન્ટ રસ્તામાં અટવાઈ પડતા ભાવ વધ્યા હતા.અફઘાનિસ્તાનથી સૂકામેવા અને તેજાના ભરેલા કન્સાઈન્મેન્ટ વાઘા બોર્ડર પર આવીને અટવાઈ પડ્યા હતા. બોર્ડર પરથી છૂટા થયેલા કન્સાઈનમેન્ટના કારણે ડ્રાયફ્રૂટસના ભાવમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત આગામી તહેવારોમાં પણ ડ્રાયફ્રૂટના ભાવ નિયંત્રણમાં રહેશે. જીસીસીઆઈ ફૂડ કમિટીના પ્રમુખ હિરેન ગાંધીએ જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં સત્તા પરિવર્તનના કારણે પરિવહન મારફતે આવી રહેલો સૂકામેવો અને તેજાનાનો માલ બજાર સુધી પહોંચશે કે કેમ તેની અમને શંકા હતી. પરંતુ કન્સાઈન્મેન્ટ્સ આવી જતાં હવે બજારની માગને પહોંચી વળીશું. જેના કારણે બજારમાં વધેલા ભાવમાં ઘટાડો આવ્યો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી બાંડીબાર સેવા સહકારી મંડળી-કેશરપુર શાખા
સડક ફળીયું મુ. કેશરપુર, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી બાંડીબાર સેવા સહકારી મંડળી-કેશરપુર શાખા
મુ. હિરાપુર, તા. લીમખેડા

# લુણાવાડા કોટેજ ચોકડી પાસેથી પસાર થતી લકઝરીમાં કોરોના નિયમોનો ભંગ છતાં પોલીસની રહેમનજર

લુણાવાડા,

મહિસાગર જીલ્લાના લુણાવાડાના કોટેજ ચોકડી પાસે પોલીસ ચોકી આવેલ છે. આ ચોકડી ઉપર કોરોના કાળને લઈ માસ્ક સોશ્યલ ડિસ્ટન્સના નામે વાહનો રોકીને દંડ ફટકારવામાં આવતો હોય છે. ત્યારે વોલ્વો લકઝરી બસમાં કોરોના ગાઈડ લાઈનનો ભંગ સાથે મુસાફરોને છાપરે બેસાડીને પસાર થતી હોય તે પોલીસના ધ્યાને આવી ન હોય તેમ લાગે છે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

કોરોના મહામારીમાં લુણાવાડા પોલીસ દ્વારા લોકોને માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નામે દંડ વસુલીને સરકારી તિજોરી છલકાવી દીધી છે. ત્યારે આજરોજ લુણાવાડાના કોટેજ ચોકડી પાસે જ્યાં પોલીસ ચોકી આવેલ છે. તેની સામેથી એક લકઝરી બસમાં મુસાફરો ભરીને પસાર થતી જોવા મળે છે. આ લકઝરી બસની અંદર મુસાફરો હોય તેવું નથી. પણ બસની અંદર સોશ્યલ ડીસ્ટન્સ વગર મુસાફરો ભરેલ હતા અને બસના છાપરા ઉપર મુસાફરો બેસાડીને પસાર થતી હોય તેની સામે પોલીસે કાર્યવાહી નહિ કરતાં લોકોમાં આવા વાહનોમાં કોરોના ગાઈડ લાઈન પોલીસ ભુલી કેમ જાય છે. તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે.

# લુણાવાડા કેળવણી મંડળની દુકાનો તોડવાના હુકમને મહેસુલ સચિવ દ્વારા માન્ય રાખવામાં આવ્યો

લુણાવાડા,

લુણાવાડામાં એસ.કે.હાઈસ્કુલને અડીને લુણાવાડા કેળવણી મંડળ દ્વારા શૈક્ષણિક હેતુ માટે મળેલી જમીનમાં ગેરકાયદેસર ૨૫ દુકાનો બનાવ્યા બાદ પાછલા એક વર્ષથી વિવાદ ચાલી રહ્યો હતો. જિલ્લા કલેક્ટર આર.બી.બારડ દ્વારા તા.૧૫ ફેબ્રુઆરીના રોજ કેળવણી મંડળને પત્ર લખી શરત ભંગ થયેલ હોવાથી આ બાબતે જરૂરી આધાર-પુરાવા રજુ કરવા લેખિતમાં જણાવાયુ હતુ. ત્યારબાદ કલેક્ટર દ્વારા તા.૧૦/૧૨/૨૦ના રોજ દુકાનોનુ બાંધકામ દુર કરવા હુકમ કરવામાં આવતા જિલ્લાના ભુ-માફિયાઓમાં ફફડાટ જોવા મળ્યો હતો. ત્યાર કેળવણી મંડળ વતી ભુપેન્દ્ર પટેલ દ્વારા સચિવ મહેસુલ વિભાગ અમદાવાદને અપીલ કરવામાં આવતા સચિવ દ્વારા મહિસાગર કલેક્ટર દ્વારા કરેલ ઓર્ડર માન્ય રાખી દુકાનો તોડવા માટે હુકમ કરવામાં આવ્યો હતો.

મહિસાગર જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ જમીનોના ભાવ ઉંચકાતા લુણાવાડા નગરમાં ઠેર ઠેર ગેરકાયદેસર દબાણોમાં વધારો થયો છે. અરજદારો દ્વારા રજુઆત કરાતા જિલ્લા કલેક્ટર દ્વારા બાંધામ દુર કરવા માટે ઓર્ડરો કરવામાં આવે છે પરંતુ આ ઓર્ડરની અમલવારી થઈ નથી અને ઓર્ડરો માત્ર કાગળ ઉપર રહેતા ગેરકાયદેસર બાંધકામ કરતા લોકોને કોઈપણ પ્રકારની બિક રહી નથી. ૨૫ જેટલી દુકાનો તોડવાનો ઓર્ડર કર્યા બાદ સચિવ દ્વારા ૧૨/૦૭/૨૧ સુધી તંત્રએ રાજકિય નેતાઓના ઈશારે કોઈ એક્શન ન લીધુ અને આરોપીને કોર્ટમાં જવાની તક આપતા પ્રશાસન અને નેતાઓના સપોર્ટથી ૮ મહિના બાદ પણ ન તુટતા લોકોમાં રોષ જોવા મળ્યો છે.

# લુણાવાડા ખાતે વિચરતી અને વિમુકત જાતિ દ્વારા મુક્તિ દિનની ઉજવણી કરાઈ

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે વિચરતી અને વિમુકત જાતિના લોકો દ્વારા તા.૩૧ ઓગસ્ટના રોજ મુક્તિ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતમાં વાદી, મદારી, જોગી ચામઠા, સલાટ, નટ, બજાણીયા, દેવીપુજક, વાસફોડા, છારા, ડફેર, રાવળ, યોગી વગેરે ૪૦ કરતા પણ વધુ વિચરતી અને વિમુકત જાતિઓ છે. જેની વસ્તી ૧ કરોડ ૨૦ લાખ જેટલી છે આ જાતિઓને અન્ય સમાજોની હરોળમાં લઈ જવા માટે તેઓનો સર્વાંગી વિકાસ થાય તો આ જાતિઓને મળેલા બંધારણીય અને મુળભુત અધિકારો પ્રાપ્ત થાય તે માટે રાષ્ટ્રિય સ્તરે અને ગુજરાતમાં વિચરતી અને વિમુકત જાતિ વેલ્ફેર સંઘ કાર્યરત છે. આ સંઘ દ્વારા દર વર્ષે ૩૧ ઓગસ્ટના રોજ વિચરતી અને વિમુકત જનજાતિ મુક્તિ દિન તરીકે રાજયભરમાં ઉજવણી કરવામાં આવે છે.

# શિક્ષકોને ગરૂડા એપથી કામ કરવાનું કહેતા આદેશથી શિક્ષકોમાં રોષ

ગાંધીનગર,

બીએલઓની ઓનલાઈન કામગીરીમાં પ્રાથમિક શિક્ષકો રોકાઈ રહેવાથી તેની સીધી અસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવતું શેરી શિક્ષણ અને ઓફલાઈન શિક્ષણ ઉપર પડશે તેમ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી સતીષ પટેલે જણાવ્યું છે.અગાઉ પ્રાથમિક શિક્ષકોની પાસે કરાવવામાં આવતી બીએલઓની કામગીરી ઓફલાઈન કરવામાં આવતી હતી. તેમાં માત્ર શિક્ષકોને માત્ર એક જ ફોર્મ ભરવાનું હતું. ફોર્મ ભરીને જિલ્લા અને તાલુકાકક્ષાની ચુંટણી અધિકારીની કચેરી ખાતે જમા કરાવવાના હતા. આથી બીએલઓની અગાઉની કામગીરી મુજબ જ કામગીરી કરાવવાની માંગણી શિક્ષકોમાં ઉઠી છે. આથી બીએલઓની કામગીરી માટે ગરૂડા એપ ફરજિયાત ડાઉનલોડ નહી કરાવવાની માંગણી સાથે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીને લેખિત રજુઆત કરી છે. પ્રાથમિક શિક્ષકોને બીએલઓની કામગીરી ગરૂડા એપના માધ્યમથી ઓનલાઈન કરવાના આદેશથી શિક્ષકોમાં રોષ ઉઠવા પામ્યો છે. શિક્ષકોના મોબાઈલમાં એપને ડાઉનલોડ કરીને ઓનલાઈન કામગીર કરવાથી વિદ્યાર્થીઓના શેરી શિક્ષણ તથા ઓફલાઈન શિક્ષણ ઉપર તેની અસર થશે. આથી અગાઉની જેમ મેન્યુઅલ કામગીરી કરાય તેવી માંગણી સાથે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે મુખ્ય ચુંટણી અધિકારીને રજુઆત કરી છે.રાજયના ચુંટણી પંચ દ્વારા બીએલઓની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના માટે પ્રાથમિક શિક્ષકોને બીએલની કામગીરી સોંપવામાં આવી છે. જોકે ચાલુ વર્ષે શિક્ષકો દ્વારા કરવામાં આવનાર બીએલઓની કામગીરી ગરૂડા એપમાં ઓનલાઈન કરવાની છે. જેના માટે પ્રાથમિક શિક્ષકોએ પોતાના એન્ડ્રાઈ મોબાઈલમાં ગરૂડા એપ ડાઉનલોડ કરીને કામગીરી કરવાનો રાજયના ચુંટણી પંચે આદેશ કરતા શિક્ષકોમાં રોષ ઉઠ્યો છે. ગરૂડા એપના માધ્યમથી ઓનલાઈન કરવાથી બીએલઓની કામગીરી ડેટા ઓપરેટર અને ક્લાર્કની હોવાથી તેને શિક્ષકોના માથે થોપવામાં આવી હોવાનો આક્ષેપ શિક્ષકોએ કર્યો છે.

# ચાલુ સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવાના સંદર્ભે મહીસાગર ઈન્ચાર્જ જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



લુણાવાડા,

ચાલુ સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવાના સંદર્ભે મહીસાગર જીલ્લા પંચાયત કચેરી ખાતે ઈનચાર્જ જીલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણીની ઉપસ્થિતિમાં જીલ્લા કક્ષાની બેઠક યોજાઈ.


જેમાં દરેક અઠવાડિયાની થીમ મુજબ પોષણ વાટીકા નું નિર્માણ, સગર્ભા બહેનો અને યુવતીઓ માટે યોગ, આંગણવાડી અને શાળાઓમાં ન્યુટ્રી ગાર્ડન નું નિર્માણ, અતિ કુપોષિત બાળકોને યોગ્ય પોષણ જેવા વિષય પર રચનાત્મક કામગીરી માટેનું આયોજન કરવામાં આવ્યું. સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ, બાળકોને સ્થાનિક પોષણક્ષમ આહાર અંગેની જાગૃતિ આપવાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઈન્ચાર્જ કલેક્ટરએ, કુપોષણ વિરૂદ્ધ સતત કામગીરી કરવાનું સૂચન તથા જરૂરી માર્ગદર્શન આપ્યું. અને એનિમિયાને અટકાવવા અને નાબૂદ કરવા માટે સાચું સ્કીનીંગ અને પગલાં લેવા માટેનું સૂચનો કર્યા.

આ બેઠકમાં આઈ.સી.ડી.એસ. અધિકારી ભાભોર, ખેતીવાડી અધિકારી, રમત ગમત અધિકારી, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદના ખંભાતમાં CCTV કેમેરાનું કૌભાંડ ધુણ્યું

આણંદ,

સંવેદનશીલ તાલુકા એવા ખંભાતમાં સીસીટીવી કેમેરાનું કૌભાંડ ધુણ્યું છે. ત્રણ વર્ષ અગાઉ અમદાવાદની કંપની દ્વારા રૂપિયા ૧.૩૪ કરોડના ખર્ચે સમગ્ર ખંભાત શહેરમાં ૧૭૫ સીસીટીવી કેમેરા નાંખવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જેમાં પાલિકાના ચોપડે માત્ર ૧૩૦ જ કેમેરા બતાવ્યા છે. જ્યારે પાલિકા અને કંપનીની મિલીભગતથી માત્ર ૫૮ જગ્યાએ જ કેમેરા નાંખવામાં આવ્યા છે. મોટાભાગની જગ્યા ભૂતિયા છે કે જ્યાં કેમેરા નાંખવામાં જ આવ્યા નથી. જોકે, તેનાથી પણ રસપ્રદ બાબત એવી છે કે, જાહેર માર્ગો પર પાલિકા દ્વારા બતાવવામાં આવેલા ૫૮ સીસીટીવી કેમેરા પૈકી માત્ર ત્રણ જ કેમેરા ચાલુ છે. આ હકીકત ગત અઠવાડિયે માછીપુરાના યુવકનું રહસ્યમય મોત નીપજ્યું અને પોલીસે જ્યારે સીસીટીવી કેમેરાની ચકાસણી માટે ફૂટેજ માંગ્યા



ત્યારે સમગ્ર હકીકત બહાર આવી છે. મૃતક યુવકનું બાઈક બસ સ્ટેન્ડમાંથી મળી આવ્યું હતું. જેને પગલે શહેર પોલીસ દ્વારા પાલિકા પાસે બસ સ્ટેન્ડ વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ માંગવામાં આવ્યા હતા. ત્યારે કેમેરા બંધ હાલતમાં હોવાનું ખૂલ્યું હતું. બીજી તરફ નગર પાલિકા પાસેથી કુલ કેટલાં કેમેરા શહેરમાં નાંખવામાં આવ્યા છે અને હાલમાં કેટલાં ચાલુ હાલતમાં છે તે અંગેના દસ્તાવેજી પુરાવા માંગવામાં આવ્યા હતા. જેમાં એવી હકીકત બહાર આવી હતી કે, નગરપાલિકા એક્ઝિક્યુટિવ ઠરાવ નંબર ૧૬૯માં શહેરમાં સર્વેલન્સ સીસીટીવી કેમેરા નાખવાનો ઠરાવ કરાયો છે. જોકે, તેની અંદર કેટલા નંગ સીસીટીવી કેમેરા નાખવા તેનો કોઈ ઉલ્લેખ જ નથી. આ ઉપરાંત, કેટલાંય વિસ્તારો એવા છે કે જ્યાં સીસીટીવી કેમેરા નાંખવામાં આવ્યા નથી, છતાં તેનો ઉલ્લેખ કરાયો છે. સમગ્ર ઘટનામાં મને જાણ નથી કે હાલમાં કેટલાં કેમેરાનો કોન્ટ્રાક્ટ હતો અને કેટલાં નાંખવામાં આવ્યા છે. જોકે, એ જાણમાં આવ્યું છે કે, હાલમાં કેટલાંક કેમેરા બંધ છે, જે અંગે તપાસ કરીને ચાલુ કરાવીશું.। જિતેન્દ્ર ડાભી, ચીફ ઓફિસર, ખંભાત નગર પાલિકા. પાલિકા દ્વારા ૧૩૦ કેમરાની યાદી આપવામાં આવી છે. જેમાં ૧૦૨ નંબરથી ૧૩૦ નંબર સુધીમાં વિસ્તારનું નામ લખવામાં આવ્યું છે. જેમાં મોહનપુરા, ફતેહ દરવાજા, ભાવસાર વાડ, પાંચ હાટડી, દડીબા અને સિવ્યુ બંગ્લાનો ઉલ્લેખ છે. વિસ્તારમાં કઈ જગ્યાએ કેમેરા નાખ્યા છે તેનો ઉલ્લેખ નથી. ટેન્ડરની શરતોમાં સ્પષ્ટ જોગવાઈ છે કે સીસીટીવીની કામગીરી કરતા પહેલા અને કામગરી પૂર્ણ થયાના ફોટોગ્રાફસ રજૂ કરવાંથી જ બિલનું ચુકવણું કરવાનું હોય છે. આમ છતાં કરોડોનું ચુકવણું બારોબાર કેવી રીતે કરાયું તે પણ એક પ્રશ્નાર્થ છે. તેમજ સમગ્ર કોન્ટ્રાક્ટમાં વર્ષ ૨૦૧૭માં ઠરાવ કર્યા બાદ વર્ષ ૨૦૧૮માં કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. બાદમાં ૫ વર્ષ માટે તેની દેખરેખ માટે કંપની દ્વારા રૂપિયા ૨૩ લાખ લઈ બીજી એક ખાનગી કંપનીને પેટા કોન્ટ્રાક્ટ આપ્યો હતો. હાલમાં કંપની દ્વારા કોઈ જ પ્રકારની દેખરેખ રખાતી નથી. જેને પગલે કેટલાંય વિસ્તારોમાં કેમેરાના વાયર તૂટી ગયેલી હાલતમાં પણ જોવા મળી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સીસીટીવી નાખવામાં આવ્યા હતા. જોકે, આમ છતાં પૂર્વ સત્તાધીશો દ્વારા નગરપાલિકા કચેરી, સિવ્યું બંગલો તથા વિવિધ સ્કૂલોમાં નાખેલા સીસીટીવી પણ આ ગ્રાન્ટમાં ગણાવી દીધા છે.

# ગાંધીનગર જિલ્લાની સ્કુલોમાં ઓફલાઈન શિક્ષણ આપવાનું શરૂ કર્યું

ગાંધીનગર,

હાલમાં કોરોનાની બીજી લહેરની મંદ સ્થિતિને પગલે રાજ્યના શિક્ષણ વિભાગે પ્રથમ તબક્કામાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ શરૂ કરી હતી. ત્યારબાદ બીજા તબક્કામાં ધોરણ-૯થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે શાળાઓના દ્વાર ખોલાયા હતા.હવે ત્રીજા તબક્કામાં અપર પ્રાયમરી ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં ઓફલાઈન શૈક્ષણિક કાર્ય ૨ સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. જોકે ગત વર્ષ કરતા ચાલુ શૈક્ષણિક વર્ષમાં રાજ્યના શિક્ષણ વિભાગે એસઓપી માં ફેરફાર કરીને ૫૦ ટકા જ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં બેસાડવાનો નિયમ બનાવ્યો છે. ઉપરાંત વિદ્યાર્થીને શાળામાં મોકલતા પહેલાં વાલીનું સમંતિપત્રક ફરજિયાત કરવામાં આવ્યું છે.શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખોલવામાં આવી હોવા છતાં હાલમાં શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા માંડ ૨૫ ટકાની આસપાસ રહે છે. ત્યારે અપર પ્રાયમરીના વિદ્યાર્થીઓ માટે શરૂ થનાર શાળાઓ કેટલી સફળ રહે છે તે તો આગામી સમય જ બતાવશે. કોરોનાની બીજી લહેરની મંદતા વચ્ચે ત્રીજા તબક્કામાં ધોરણ-૬થી ૮ની ૧૨૦૦ શાળાઓમાં ૨જ સપ્ટેમ્બરથી ઓફલાઈન શિક્ષણનો પ્રારંભ થશે. રાજયના શિક્ષણ વિભાગની એસઓપી મુજબ વાલીના સમંતિપત્રક સાથે આવેલા વિદ્યાર્થીઓને જ શાળામાં ઓફલાઈન શિક્ષણ અપાશે. શાળાના વર્ગખંડના કુલ વિદ્યાર્થીઓના ૫૦ ટકા ક્ષમતા સાથે પ્રારંભ થનાર ઓફલાઈન શિક્ષણની સાથે સાથે ઘરે રહેતા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પણ અપાશે.છેલ્લા દોઢ વર્ષથી હાહાકાર મચાવનાર કોરોનાની મહામારીની પ્રથમ લહેરમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ કોરોનાની બીજી લહેર શરૂ થતાં વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારને માત્ર એકાદ માસમાં જ શાળાઓને બંધ કરવાની ફરજ પડી હતી.

# અમદાવાદ સિવિલમાં આત્મહત્યાનો પ્રયાસ : પતરાં ઉપર પડતાં જીવ બચ્યો

અમદાવાદ,

આત્મહત્યાનો પ્રયાસ કરનાર યુવકનું નામ નરેશ સોલંકી હોવાનું જાણવા મળ્યું છે. યુવકે શા માટે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો તેની માહિતી યુવકના ભાનમાં આવ્યા બાદ જ જાણવા મળી શકે છે. આત્મહત્યાના પ્રયાસનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. જેમાં લોકો તેને જોઈ વાતચીત કરે છે અને ફાયરબ્રિગેડના કર્મચારીઓ સમજાવતા હતા છતાં પોતે નીચે કૂદકો મારે છે.અમદાવાદમાં આપઘાતના બનાવોમાં વધારો થયો છે. નાની નાની વાતોમાં અથવા તો પારિવારિક ત્રાસના કારણે આપઘાતના બનાવો વધ્યાં છે. બીજી તરફ કોરોના કાળમાં રોજગારીના પ્રશ્નોને કારણે પણ આપઘાતના બનાવો નોંધાઈ રહ્યાં છે. ત્યારે શહેરની સિવિલ હોસ્પિટલમાં એક શખ્સે ચોથા માળેથી આત્મહત્યા કરવા માટે છલાંગ મારી હતી. નસીબજોગે આ યુવક નીચે પતરાં પર પટકાતાં તેનો જીવ બચી ગયો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં G બ્લોકના ચોથા માળેથી આજે સવારે એક યુવકે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ યુવકને ચોથા માળેથી છલાંગ લગાવતાં પહેલાં ત્યાં હાજર લોકોએ બુમો પાડીને આવું નહીં કરવા સમજાવ્યો હતો. પરંતુ તેણે કોઈની વાતને નહીં માનીને આખરે ચોથા માળેથી નીચે પડતું મુક્યું હતું. નસીબ જોગે તે પતરાં પર પડતાં તેનો જીવ બચી ગયો હતો.યુવકને બચાવવા માટે સ્થાનિક લોકોએ ફાયરબ્રિગેડને જાણ કરી હતી. જેથી ફાયરબ્રિગેડની બે ગાડીઓ જે હોસ્પિટલમાં હાજર હોય છે ત્યાં પહોંચી હતી. બાકીની રેસ્ક્યુ વાહનો રવાના કરવામાં આવ્યા હતા. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ ફાયરબ્રિગેડના અધિકારી તેને બચાવવા સમજાવી રહ્યા હતા તે દરમિયાનમાં જ યુવકે નીચે કૂદકો મારી દીધો હતો. યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં જ ખસેડવામાં આવ્યો છે.





મેગાસીટીના વખાણો કરતા રોલ મોર્ડલ (સ્માર્ટ સીટી) ગણાતા અમદાવાદ શહેરમાં વરસાદ આવતાની સાથે જ ચારેકોર રસ્તાઓ પર ભુવા પડવાનું ચાલુ થઈ જાય છે. શહેરમાં ઠેર-ઠેર ભુવાઓ પડવાના કારણે શહેરીજનો પરેશાન....

# મહેસાણાની રેલવે હદમાં નવો રસ્તો બનાવવાનો પ્રયાસ અધ્ધરતાલ

મહેસાણા,

મહેસાણા શહેરમાં પોલીસ હેડક્વાર્ટરથી સીધા હીરાનગર થઈને સોમનાથ રોડ જવા શોર્ટકટ શહેરીજનોને નવો રસ્તો મળે અને બિલાડી બાગ રોડનું લાંબુ અંતર વાહનચાલકોને ઓછુ થાય તેવા હેતુથી નગરપાલિકા તંત્ર દ્વારા ટેન્ડર કરીને રૂ. ૧.૧૨ કરોડના ખર્ચે નવો રોડ બનાવાનું કામ શરૂ કરાયુ હતું,જોકે આ રસ્તામાં કેટલીક રેલવેની હદ આવતી હોઈ રેલવે તંત્રને જગ્યા ફાળવવા પાલિકા તંત્રએ દરખાસ્ત કરાઈ છે પરંતુ આઠ મહિના વિતવા છતાં હજુ મંજુરી ન મળતાં રેલવેહદની જગ્યા ડેવલપ વગર અધ્ધરતાલ પડી રહી છે.રેલવે તંત્ર દ્વારાનવો રોડ બનાવવાનું આયોજન નથી અને પાલિકાએ નવો રોડ બનાવાની કરેલી તૈયારીઓ નિષ્ફળ જતાં આઠ મહિના પછી પણ આ જગ્યા કાચા રસ્તાની જેમ ડેવલપ વગર બંજર હાલતમાં રહી છે. નગરપાલિકા તંત્ર દ્વારા પોલીસ હેડક્વાર્ટર થી હીરાનગર ચોક સુધી રોડ નવીનીકરણ માટે આઠ મહિના પહેલા એજન્સીને રૂ. ૧.૧૨ કરોડમાં કામ સોપાયુ હતું.જેમાં એજન્સીએ આઠ થી દશ ટ્રક મેટલ ના ઠગલા કરાયા હતા.જોકે રેલવે હદ આવી જતી હોઈ રેલવે તંત્રની પરવાનગી જરૂરી હોઈ કામગીરી અટકી હતી.આ દરમ્યાન પાલિકા દ્વારા રેલવે તંત્ર પાસે રોડ બનાવા જગ્યા ફાળવવા માંગણી કરાઈ હતી પરંતુ રેલવે ડેવલપમેન્ટ ઓથોરીટી હસ્તકની જગ્યા હોઈ પાલિકાને જગ્યા હજુ સુધી ફાળવાઈ નથી.ત્યારે એજન્સીને વર્કઓર્ડર આપ્યો તેના પછી આ રોડના પ્રોજેક્ટમાં રોડ વગર પાલિકાને નુકશાન વેઢવુ પડી શકે તેવો ઘાટ સર્જાયો છે.

# પાર્કિંગ નહીં તો કાર ખરીદી શકાશે નહીં

અમદાવાદ,

શહેરમાં પ્રતિવર્ષ વાહનોનું વેચાણ વધી રહ્યું છે. જ્યાં શહેરમાં ૧૯૬૧માં ૪૩૦૦૦ વાહનો હતાં ત્યાં ૨૦૧૮-૧૯માં પ્રતિવર્ષ ૨.૫ લાખ વાહનો વધી રહ્યા છે. જ્યારે હવે તે ૩૫ લાખ જેટલા વાહનોના ૬ ટકા લેખે પ્રતિવર્ષ વધારો થઈ રહ્યો છે. તેમાં કાર કારની સંખ્યામાં પણ ૯ ટકાના દરે વધારો નોંધાઈ રહ્યો છે. શહેરમાં ૭૪ જગ્યાએ પાર્કિંગ સાઈટો ઉપલબ્ધ છે. જેમાં ૪૦ જગ્યાએ ઓફ સ્ટ્રીટ પાર્કિંગ, ૪ જગ્યાએ મલ્ટિલેવલ પાર્કિંગ, ૯ જગ્યાએ ઓન સ્ટ્રીટ પાર્કિંગ જ્યારે ૨૧ જગ્યાએ ફ્લાય ઓવર નીચે પાર્કિંગની જગ્યા છે. જ્યારે બીજા ૪ પાર્કિંગ પ્રોજેક્ટ હાલ ચાલી રહ્યા છે.શહેરમાં પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા ગેઝેટમાં વાંધા સૂચનો મંગાવી તેનને આધારે નવી પાર્કીંગ પોલિસી તૈયાર કરવામાં આવી છે. તે અનુરૂપ પાર્કિંગ પોલિસીની દરખાસ્તને મંજૂરી આપવા માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ એજન્ડા રજુ કરાયો છે. રાજ્ય સરકારની દરખાસ્તમાં એવી પણ સ્પષ્ટતા હતી કે, નવી કાર ખરીદવા માટે ખરીદારે તેમની પાસે પાર્કિંગની જગ્યા હોવાનું સર્ટિફિકેટ રજૂ કરવાનું પણ ફરજીયાત બનાવવાની દરખાસ્ત હતી. જે અભિપ્રાયો બાદ મ્યુનિ. વહીવટી વિભાગ દ્વારા આ દરખાસ્ત સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂરી માટે રજૂ કરાઈ છે.કેન્દ્ર સરકારે ૨૦૧૭માં જાહેર કરેલી નીતિને અપનાવવા માટે નવી પાર્કિંગ પોલિસી બનાવવાની ભલામણ કરાઈ હતી. જે પોલિસીના અમલ માટે ટીડીઓ અને પોલીસ અધિકારીઓ દ્વારા ચોક્કસ નીતિ બનાવવી રાજ્ય સરકારે તેને આધારે ગેઝેટ બહાર પાડી લોકોના અભિપ્રાયો મગાવ્યા હતા.આ ઉપરાંત ઓન રોડ પાર્કિંગ બાબતે પણ વિચારણા કરવામાં આવી હતી. જેમાં રાત્રી દરમ્યાન જાહેર રસ્તા પર જો પાર્કિંગ થાય તો તે માટે મ્યુનિ. ભાડુ વસુલી શકે તેવી પણ વ્યવસ્થા વિચારણા હેઠળ લાવવાનું ગેઝેટમાં દર્શાવ્યું હતું. શહેરના મોટાભાગના જૂના બિલ્ડિંગમાં હાલ પાર્કિંગના પ્રશ્નો છે. ત્યાં પાર્કિંગના પ્રશ્નો કઈ રીતે ઉકેલી શકાય તે માટે પણ અભિપ્રાયો મગાવવામાં આવ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં મેઘમહેર : ખેડુતોમાં ખુશી

મહેસાણા,

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે સતત ચોથા દિવસે પણ મેઘમહેર થવા પામી હતી. જ્યાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાભરમાં સવા ઈંચ, સૂઈગામમાં એક ઈંચ, વડગામ-લાખણીમાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે અન્ય વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યા હતા. મહેસાણા જિલ્લાના વિજાપુરમાં એક અને સાબરકાંઠાના હિંમતનગરમાં એક ઈંચ સહિત અન્યત્ર વરસાદ નોંધાયો હતો. બુધવારે ૧૦ મિલિમીટર વરસાદ છેવાડાના સાંતલપુરમાં નોંધાયો હતો. આ સિવાય પાટણ ૧, શંખેશ્વર ૪,સમી ૮, સરસ્વતી તાલુકા મથકે ૨ મિલિમીટર વરસાદ નોધાયો હતો. પાટણ શહેરમાં દિવસ દરમિયાન સામાન્ય વરસાદી ઝાપટાં થયા હતા. ક્લોનિક સિસ્ટરમના પગલે આગામી ૩ કલાક ભારે વરસાદ ની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. વીજળી અને ભારે પવનો સાથે વરસાદ થશે. તેમજ ૪૦થી ૫૦ કિમિ રફતારે ફૂંકાશે પવનો ફૂંકાય તેવી શક્યતા છે.

# રાજ્ય સરકારના સીપ્લેનના ભાડા પેટે ૪૭ લાખ ચુકવવાના બાકી છે

અમદાવાદ,

દેશમાં પહેલીવાર સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા સુધી શરૂ કરાયેલી સી પ્લેન સેવા હાલમાં કોવિડ મહામારીને કારણે બંધ છે. પરંતુ એક નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ઓપરેટ થયેલા સી પ્લેનના ભાડા પેટે રાજ્ય સરકારનો વાયાબિલીટી ગેપ ફંડિંગ (વીજીએફ)માંથી બાકી નીકળતો ૪૭ લાખ રૂપિયાનો હિસ્સો ઝડપથી ચુકવી દેવા કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખ્યો છે. વધુમાં આ પત્રમાં તેમણે ગુજરામાં એર કનેક્ટિવિટી વધારવા જરૂરી એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાની સાથે ભાવનગર, જામનગર, કંડલા, પોરબંદર, વડોદરા અને સુરત એરપોર્ટ પર જરૂરી જમીન સંપાદનની



કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું છે.સિંધિયાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, અમદાવાદ અને કેવડિયા વચ્ચે રિજનલ એર કનેક્ટિવિટી (આરએસી) યોજના હેઠળ સ્પાઈસ જેટ દ્વારા સંચાલિત સી પ્લેનના બાકી નિકળતા નાણાં ચુકવી દેવા જણાવવામાં આવ્યું છે., ઉડાન યોજના હેઠલ ઓછા ભાડામાં સંચાલિત થતી ફ્લાઈટ દીઠ તમામ એરલાઈન્સ રિઝનલ એર કનેક્ટિવીટી ફંડ ટ્રસ્ટ (આરએસીએફટી)માંથી નાણાં ચુકવવામાં આવે છે. જેમાં ૮૦ ટકા હિસ્સો કેન્દ્ર સરકાર અને ૨૦ ટકા હિસ્સો રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.બીજી બાજુ આ ટ્રસ્ટમાંથી સી પ્લેનના ભાડા પેટે બાકી નિકળતા ૪૭ લાખ રૂપિયા અંગે રાજ્ય સરકારના ઉડ્ડયન વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે, સરકાર તરફથી બાકી નીકળતા નાણાં તાજેતરમાં ચુકવી દેવાયા છે જેથી હવે કોઈ નાણાં બાકી રહેતા નથી.હાલમાં કોરોના મહામારીને પગલે સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયા સુધી સંચાલિત થતી સી પ્લેનની સેવા બંધ રાખવામાં આવી છે. જો કે એરલાઈન્સના અધિકારીઓની સપ્ટેમ્બરમાં બેઠક યોજાવાની છે જેમાં કોરોનાની સમિક્ષા કર્યા બાદ જરૂરી નિર્ણય લેવામાં આવશે. જો કોરોનાની ત્રીજી લહેર નહીં આવે તો રાજ્યમાં ફરીથી દિવાળી સુધીમાં સી પ્લેનની સેવા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

# ભાજપ સરકારમાં દવા, ગેસ, ડીઝલ, પેટ્રોલ મોંઘા થતાં પ્રજા પરેશાન

ગાંધીનગર,

દેશમાં ગેસ, પેટ્રોલ, ડીઝલ અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવમાં સતત વધારો થતા પ્રજા મોંઘવારી તળે પિસાઈ રહીં છે તેવો આક્ષેપ કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડૉ. મનિષ દોશીએ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે છેલ્લા ૭ વર્ષમાં ખાદ્ય પદાર્થો અને દવાના ભાવમાં ૪૦૦થી ૧૪૦૦ ટકાનો વધારો થયો છે. શિક્ષણ ફીમાં ૭૦થી ૩૫૦ ટકાનો વધારો ઝીંકાયો છે. પ્રવક્તા દોશીએ કહ્યું કે, દેશની જીડીપી વધારવાનો વાયદો કરનાર ભાજપ સરકારમાં જીડીપીમાં સતત ઘટાડો અને ગેસ (G), ડીઝલ (D), પેટ્રોલ (P)માં ભાવ વધારાથી પ્રજા પરેશાન છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ પાલિકામાં T.P. સ્કીમમાં લેવામાં આવેલ

# જમીનમાં પાલિકા સત્તાધિશો સાથે રાખી જમીન માફિયાઓએ જમીનો પર કબ્જો કર્યા

દાહોદ,

દાહોદ શહેર ભવિષ્યમાં વિકાસ પામે તે હેતુથી દાહોદ નગરપાલિકા દવારા ૧૯૭૬–૭૭ માં ટી. પી.સ્કીમનું આયોજન કરવામા આવ્યું. તે ટી.પી. સ્કીમમાં દાહોદ શહેરને ઘણી ખરી જમીનોના માલીકોની ખુલ્લી જમીનો અને કાચા પાકા મકાનો સહીતની જમીનો ફા. પ્લોટ તરીકે જુદા જુદા હેતુ માટે દાહોદ નગરપાલિકા દ્વારા સંપાદન કરવાનું આયોજન કરવામાં આવ્યું. તે આયોજન પછી દાહોદ શહેરના ઘણા ખરા જમીન માફીયાઓ પોતાના અંગત સ્વાર્થ સાધવા માટે જે હેતુથી ટી.પી. સ્કીમ લાવવામાં આવી હતી. તે હેતુ સીદ્ધ ના થાય તે માટે ઘણી ખરી જમીનોના હેતુ ફેર કરવામાં આવ્યા અને તે જમીનો ઉપર જમીન માફીયાઓ દવારા ચેનકેન પ્રકારે નગરપાલિકાના સત્તાધીશોને સાથે રાખી તે જમીનોના કબજાઓ કરવામાં આવ્યા. ટાઉન પ્લાનીંગ સ્કીમ એક વખત જાહેર થઈ જાય તે પછી તે કાયદો બની જતી હોય છે અને તે જમીનો જે હેતુ માટે નીમ થયેલ હોય છે. તે હેતુમાં તેને વાપર ઉપભોગ કરવાનો થતો હોય છે, પરંતુ દાહોદ નગરપાલિકાના સત્તાધીશો દવારા ફા. પ્લોટોની જમીનોના ઠરાવો કરવા, તેને રદ કરવા, કોર્ટ કચેરીઓમાં કેસો કરવા, તેને પાછા ખેચવા જેવી ઘણી બધી બાબતો ઘણુ બધુ સુચવી જાય તેમ છે. દાહોદ નગરપાલિકાના સત્તાધીશોને શહેરના વિકાસ માટે ટી.પી. સ્કીમ હેઠળ ફા. પ્લોટ નંબર ૮૫ થી ૧૧૫ સુધીની જેટલી જમીનો પ્રાપ્ત થયેલ તે તમામ જમીનોના કબ્બા નગરપાલિકા હસ્તક કરવાના થતા હતા પરંતુ નગરપાલિકાના સત્તાધીશોએ ફકત નગરપાલિકા રેકર્ડના બી. ફોર્મમા તેની નોંધ કરી સંતોષ માની લીધેલ હોય તેવું જણાય છે. કારણ કે આ ફા. પ્લોટોની જમીનોના કજાઓ આજની તારીખે પણ નગરપાલિકા પાસે હોય તેવું જણાતું નથી. દાહોદ નગરપાલિકા પાસે ટી.પી. સ્કીમ હેઠળની જમીનોનો સ્થળ સ્થીતી દર્શાવતા પત્રક ધ્યાને લેવામા આવે તો ફા. પ્લોટ નંબર ૮૫ જે રે.સ.નં .૫૬/ એ. નો ભાગ છે, તેવી રીતે ફા. પ્લોટ નંબર ૮૬ સરકારી છે, ફા. પ્લોટ નંબર ૮૭ જે રે.સ.નં. ૭૫૪ નો ભાગ છે, ફા. પ્લોટ નંબર ૮૮ તે સરકારી છે, તેવી જ રીતે ૮૯ તે પણ સરકારી છે, તેવી જ રીતે ફા. પ્લોટ નંબર ૯/૧ તે પણ સરકારી છે, તેવી રીતે ફા. પ્લોટ નંબર ૯૦/૨ તે પણ સરકારી છે. તેવી જ રીતે ફા. પ્લોટ નંબર ૯૧ તે પણ સરકારી છે. તેવી જ રીતે ફા. પ્લોટ નંબર ૯૨ તે પણ સરકારી છે અને ફા. પ્લોટ નંબર ૯૩ પણ સરકારી છે. તેવી જ રીતે ફા. પ્લોટ નંબર ૯૪ જે રે.સ.નં. ૨૭૮ નો ભાગ છે, ફા. પ્લોટ નં. ૯૫ જે ૮૩/ એમનો ભાગ છે, ફા. પ્લોટ નં. ૯૬ જે ૧૬૫, ૧૬૬ નો ભાગ છે, ફા. પ્લોટ નં. ૯૭/૧ જે સરકારી છે. તેવી જ રીતે ૯૭/૨ તે પણ સરકારી છે. ફા. પ્લોટ નં. ૯૮ તે પાર્કીંગના હેતુ માટે છે. ફા. પ્લોટ નં ૯૯ જે બાગના હેતુ માટે છે. ફી પ્લોટ નં ૧૦૦ તે પણ બાગના ફી. પ્લોટ નંબર ૧૦૧ જે દાહોદ નગરપાલિકાના ઉપયોગ માટે છે. ફા. પ્લોટ નં. ૧૦૦ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા . પ્લોટ નં. ૧૦૩/૧ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફા. પ્લોટ નં. ૧૦૩/૨ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા. પ્લોટ નં. ૧૦૪ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફા. પ્લોટ નં. ૧૦૫ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે, ફા. પ્લોટ નં. ૧૦૬ તે બાગ બગીચાના હેતુ માટે છે, ફા. પ્લોટ નં ૧૦૭ તે પણ બાગ બગીચાના હેતુ માટે છે, ફા. પ્લોટ નં. ૧૦૮ જે પબ્લીક માટે હાઉસીંગ સ્કીમ ઉભી કરવા માટેનો છે. ફા. પ્લોટ નં.૧૦૯ જે ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફા. પ્લોટ નં . ૧૧૦ તે પણ પબ્લીક હાઉસીંગ સ્કીમના હેતુ માટે છે. ફા. પ્લોટ નં. ૧૧૧ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફી. પ્લોટ નં. ૧૧૨/૧ તે પણ પબ્લીક હાઉસીંગ સ્કીમના હેતુ માટે છે. ફા. પ્લોટ નં ૧૧૨/૨ તે પણ પબ્લીક હાઉસીંગ સ્કીમ માટે છે. ફા. પ્લોટ ૧૧૩/૧ તે ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફા. પ્લોટ નંબર ૧૧૩/૨ તે પણ ગ્રીન પેશના હેતુ માટે છે. ફા. પ્લોટ નં ૧૧૪ તે પણ ગ્રીન સ્પેશના હેતુ માટે છે. ફા. પ્લોટ નં ૧૧૫ તે ગ્રીન સ્પેશના હેતુ માટે છે.

આવી રીતે દાહોદ નગરપાલિકાને ફા. પ્લોટોની તમામ જમીન જુદા જુદા હેતુ માટે પ્રાપ્ત થયેલ પરંતુ નગરપાલિકાના સત્તધીશો દવારા ઘણી ખરી ફા. પ્લોટોની જમીનોના હેતુ ફેરના ઠરાવો અને ભલામણો દવારા સરકારમાં તે હેતુ ફેર કરાવી ભુ– માફીયાઓને સરકારના નીતી નીયમોને નેવે મુકી તેમના કબ્જામાં સોંપી દીધી હોય તેવું જણાઈ રહયું છે. આ તમામ જમીનો દાહોદ નગરપાલિકાના રેકર્ડ ઉપર ખાતરી કરવામાં આવે તો હાલ શું હાલતમાં છે. તેનો ચિતાર દાહોદ શહેરની પ્રજાના સામે લાવી શકાય તેમ છે. દાહોદ શહેર સ્માર્ટ સીટી તરફ આગળ વધી રહયુ હોય તેવા સમય ટી.પી. સ્કીમ હેઠળ દાહોદ શહેરના વિકાસ માટે ફા. પ્લોટ નંબર ૮૫ થી ૧૧૫ સુધીની જમીનો તેમજ અન્ય ફા. પ્લોટોની જમીનો દાહોદ શહેરને સ્માર્ટ સીટીમાં અનેક રીતે વિકાસના કામોમાં ઉપયોગી થઈ શકે તેમ છે. જેથી આ તમામ જમીનોની ઝીણવટ ભરી તપાસ કરવામાં આવે અને આ જમીનોનો હવાલો સરકાર હસ્તક કરવામાં આવે તે પ્રજા હિત માટે જરૂરી છે.

## દાહોદના બોરવાણી ગામે મરેલા પશુઓના નિકાલ બાબતે ચાર ઈસમોએ ધીંગાણું મચાવતા ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના બોરવાણી ગામે પશુઓ મરી જતાં તે અંગેનો નિકાલ કરવા માટે ચાર જેટલા ઈસમોએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એક વ્યક્તિના ઘરે આવી ભારે ધિંગાણું મચાવી મહિલા સહિત પાંચ જણાને હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૩૧મી ઓગષ્ટના રોજ બોરવાણી ગામે વચલું ફળિયામાં રહેતાં અટુંભાઈ વરસીંગભાઈ બિલવાળ, પ્રવિણભાઈ વરસીંગભાઈ બિલવાળ, ટીટાભાઈ ચુનિયાભાઈ બીલવાળ અને રાજુભાઈ કડકીયાભાઈ બીલવાળનાઓ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે કુહાડી, લાકડીઓ જેવા મારક હથિયારો સાથે પોતાના ગામમાં રહેતાં શેતાનભાઈ સુરપાળભાઈ કિશોરીના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો ઢોરો મરી ગયાં એમાં શેનો નિકાલ કરો છો, મારી જમીનમાંથી જવા નહીં દઉ, તેમ કહેતાં શેતાનભાઈએ ગાળો બોલવાની ના પાડતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે કુહાડી, લાકડીઓ વિગેરે લઈ દોડી આવી શેતાનભાઈ, કાંતાબેન શેતાનભાઈ કિશોરી, સંજીતાબેન શેતાનભાઈ કિશોરી, રાકેશભાઈ શેતાનભાઈ કિશોરી, અરવિંદભાઈ શેતાનભાઈ કિશોરી વિગેરેને હથિયારો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી લોહી લુહાણ કરી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત શેતાનભાઈ સુરપાળભાઈ કિશોરીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ તાલુકા માંથી બે બાઈકોની ચોરી કરી જતાં વાહન ચોરો

દાહોદ,

દાહોદ શહેર સહિત દાહોદ તાલુકામાંથી મોટરસાઈકલ ચોરોએ પોતાનો કસબ અજમાવી બે મોટરસાઈકલોની ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેર ગોધરા રોડ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગોધરા રોડ ખાતે મથુરદાસની ચાલમાં રહેતાં નિકુંજ દેવેન્દ્રભાઈ પંચાલની ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલ ગત તા.૦૧ સપ્ટેમ્બરના રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નિકુંજભાઈ દેવેન્દ્રભાઈ પંચાલે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે આવેલ જનની હોસ્પિટલની સામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૫મી ઓગષ્ટના રોજ દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે ટીંડોરી ફળિયામાં રહેતાં દિનેશભાઈ સમુડાભાઈ કિશોરી જનની હોસ્પિટલ વિસ્તાર ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ હોસ્પિટલની સામે લોક મારી પાર્ક કરી હતી. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી મોટરસાઈકલ ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે દિનેશભાઈ સમુડાભાઈ કિશોરીએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં ભાજપના સંગઠનમાં નિમણૂંકો બાદ વિરોધનો વંટોળ

દાહોદ,

હાલમાં જ કેવડિયા ખાતે લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના પરોક્ષ સાનિધ્યમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની પ્રદેશ કારોબારી યોજાઈ રહી છે. જેમાં નૈતિકતાના મુલ્યો અને ભવિષ્યની રૂપરેખાને ઓપ અપાઈ રહ્યો છે. વાત કરીએ દાહોદ જિલ્લાની તો દાહોદ જિલ્લામાં પણ છેલ્લા અઠવાડિયાથી બીજેપીના સંગઠનમાં નવીન નીમુંણકોનો દોર ચાલી રહ્યો છે. જેમાં પ્રથમ દર્શનીય રીતે તેમજ નિમણૂકો બાદ પક્ષમા અંદરોઅંદર વિરોધ વંટોળના બગાવતી સૂરો છેડેચોક સાંભળાઈ રહ્યા છે.જેમાં પાર્ટીના કેટલાક નેતાઓના જણાવ્યા અનુસાર વ્હાલા દવલા, લાગતા વળગતા તેમજ સગા સબંધીઓનો ખાસ ધ્યાન રાખી મોટાભાગની નિમણુંકો કરવામાં આવી છે. જેને લઈને દાહોદ જિલ્લા ભાજપમાં ભારેલો અગ્નિ પ્રજ્વલિત થયો છે. વિશેષ કરીને દાહોદ શહેર નિમણૂકમાં પક્ષ પ્રત્યે નિષ્ઠા અને કાર્યદક્ષતાને કોરાણે મૂકી તેમજ ચૂંટણીમાં ગ્રાઉન્ડ લેવલ પર કાર્ય કરી પાર્ટીને વિજય અપાવવામાં મહત્વનો ફાળો ભજવનાર પાયાના કાર્યકર્તાઓની અવહેલના કરીને એવા વ્યક્તિઓની પાર્ટીના હોદ્દા ઉપર નિમણૂક થઈ છે. જેમાં મોટાભાગના પદાધિકારીઓની પક્ષમાં કોઈ યોગદાન કે પાર્ટીની કાર્ય પ્રણાલી સાથે કોઈ સુસંગત નથી. વધુમાં નવાઈની વાત તો એ છે કે નિમણૂંક પામેલા કેટલાક પદાધિકારીઓ તો પક્ષની પ્રાથમિક સદસ્યના પણ ધરાવતા નથી. જેને લઈને પક્ષના સિનિયર તેમજ પાયાના કાર્યકરોમાં અસંતોષનો ઉકળતો ચરૂ જોવા મળી રહ્યો છે. જેની અસર કદાચ આવનારી વિધાનસભા અને લોકસભામાં પડે તો તેમાં કોઈ નવાઈ નથી.

ન ખાઉંગા ન ખાને દુંગા તેમજ પારદર્શક વહીવટ તેમજ ભ્રષ્ટાચારથી મુક્ત સુશાસન આપવાની ગુલબાંગો પોકારતા ભાજપના મોવડી મંડળની નીતિઓના પોટલા બાંધી મોવડી મંડળના ભ્રષ્ટાચાર મુક્ત શાસનના સૂચનોને લપડાક મારતી કથિત ઓડિયો કલીપ દાહોદના વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહી છે. જેમાં હાલમાં જ સંગઠનમાં નવી નિમણૂક પામેલા દાહોદ શહેરના ઉચ્ચ હોદ્દેદાર કે જેઓ નગરપાલિકાની ગત ટર્મમાં નગર સેવક હતા અને વહીવટમાં પણ ઉચ્ચ હોદ્દા ધરાવતા હતા. તેઓ પોતે ભ્રષ્ટાચાર કર્યો હોવાની કબૂલાત કરતાં આ ઓડિયોમાં સંભળાઈ રહ્યો છે.તથા તેમના સાથી કાઉન્સિલર મિત્ર કે જેઓ હાલમાં કોંગ્રેસ તરફી નગર સેવક છે. તેમની સાથે ભાગ બટાઈને લઈને ઉગ્ર ચર્ચા કરતા હોય તેમ ઓડિયોમાં લાગી રહ્યું છે, દાહોદ વાસીઓના હિતો તેમજ સુખાકારીને ધ્યાને લઈ સુશાસનની નેમ સાથે ચાલતી ભાજપ સરકારમાં ઉચ્ચ કક્ષાએથી તેમજ મોવડી મંડળની દેખરેખ હેઠળ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. એવું જરૂરથી માને છે કે કારણ કે જો આ સંવાદ ખરેખર થયો હોય તો આવા ભ્રષ્ટાચારીઓ ની નિમણૂક સંગઠનમાં કરીને પક્ષ શું સાબિત કરવા માંગે છે. તે ખરેખર વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે.જોકે મોવડી મંડળ દ્વારા પક્ષમાં અંદર અંદર થતા ડેમેજ કંટ્રોલ ને ધ્યાને લઈ ઓડિયો ક્લિપથી લઈ નિમણૂંક મામલે પુનઃ વિચાર કરી પાયાના કાર્યકર્તાઓને ન્યાય આપશે કે પછી યથાસ્થિતિ જાળવી રાખશે તે આવનારો સમય બતાવશે.

## કોરોનાને કારણે ગણેશ મૂર્તિકારને માત્ર આ વર્ષે ૫૦ મૂર્તિનો ઓર્ડર

રાજકોટ,

કોરોના મહામારીમાંથી મહદંશે રાહત મળતા સરકારે છૂટછાટ આપી છે ત્યારે આગામી તારીખ ૧૦ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ગણેશ મહોત્સવને આડે હવે થોડા જ દિવસો બાકી રહ્યા છે, પરંતુ કેસ ઘટવા છતાં ગણેશ મહોત્સવને આડે હજુ પણ જાણે કોરોનાનું વિઘ્ન હોય તેમ મંજૂરી મળી પરંતુ મૂર્તિકારો પાસે ગણેશ મૂર્તિ બનાવવાના કોરોના પહેલાની સરખામણીમાં માત્ર ૨૦ ટકા જ ઓર્ડર મળ્યા છે. રાજકોટના મૂર્તિકારે કહ્યું કે, કોરોના પહેલા ગણેશ મહોત્સવ દરમિયાન ૩૦૦ જેટલી મૂર્તિ બનાવવાના ઓર્ડર મળતા હતા પરંતુ આ વર્ષે માંડ ૫૦ જ મળ્યા છે. એકબાજુ ગણેશ મહોત્સવની મંજૂરી મોડી મળી જ્યારે બીજી બાજુ લોકો પણ કોરોનાને કારણે સાદગીથી ઉજવણી કરી રહ્યા હોવાને લીધે ઓર્ડર ઓછા છે. સરકારે ગણેશ મહોત્સવના આયોજકોને પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવા અને વધુમાં વધુ ૪ ફૂટ સુધીની જ પ્રતિમાનું સ્થાપન કરવાની મંજૂરી આપી છે અને વિસર્જનમાં ૧૫ વ્યક્તિઓને જવાની છૂટ આપી છે. સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકાશે નહીં. કોરોનાને કારણે સાવ ધંધો જ થયો ન હતો જ્યારે આ વર્ષે પણ છેલ્લી ઘડીએ ગણેશ મહોત્સવ ઉજવવાની મંજૂરી અપાતા કામગીરી પણ મોડી શરૂ કરી છે અને ધંધો પણ માત્ર ૨૦ ટકા જેટલો જ છે. કોરોનાને લીધે લોકો આર્થિક તંગીમાં છે, ગણેશ મહોત્સવ સાદગીથી મનાવશે. રાજકોટ શહેરમાં દર વર્ષે મુખ્ય મોટા કહી શકાય તેવા ૨૫થી વધુ આયોજન થાય છે અને ઘર, સ્કૂલ, સોસાયટી કે ઓફિસમાં થતા હોય તેવા અંદાજિત ૧૦૦૦ જેટલી જગ્યા પર ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે આ વર્ષે સરકાર દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવને લઈને જે ગાઈડલાઈન આપવામાં આવી છે તે પ્રમાણે આયોજકોએ તૈયારી કરી છે, જેમાં ભીડ ન થાય તે માટે જાહેર કાર્યક્રમો નહીં યોજાય, સાદગીથી મહોત્સવનું આયોજન કરવાનું આયોજકો જણાવે છે.



સ્થાનિક પોલીસ હમેશાની જેમ ઘોર નિંદ્રામાં રહે છે અને ગાંધીનગર વિજિલન્સની ટીમે જુગારધામ, દારૂના અડ્ડાઓ પર રેડ કરે છે તેવી જ રીતે અમદાવાદના નરોડામાં ચાલતા જુગારધામ પર ગાંધીનગર વિજિલન્સની ટીમે રેડ કરતા સ્થાનિક પોલીસ પર સવાલ...

## લીમખેડાના દુધિયામાં એક મહિનાથી સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા ગ્રામજનોને મુશ્કેલીઓ

લીમખેડા,

લીમખેડા તાલુકાના દુધિયા નગરના રહિશોને પર્યાપ્ત માત્રામાં સુખ સુવિધા મળી રહે તે માટે દાહોદના સાંસદ દ્વારા દુધિયા નગરને આદર્શ ગ્રામ તરીકે દત્તક લેવાયુ છે. જે મુજબ વિવિધ વિકાસ કાર્યો માટે કરોડોની ગ્રાન્ટ પણ ફાળવી છે. તેમ છતાં પણ લીમખેડા તાલુકાના દુધિયા નગરના રામજી મંદિર તથા મસ્જિદ મહોલ્લામાં છેલ્લા એક માસથી સ્ટ્રીટ લાઈટો બંધ હોવાને કારણે સમગ્ર વિસ્તાર રાત્રિના સમયમાં અંધકારમય બની બહે છે. જેના કારણે અંધકારનો લાભ લઈ તસ્કરોને પણ મોકળુ મેદાન મળતુ હોવાથી શાળા તથા રામજી મંદિર શેરી ફળિયામાં ચોરીના બનાવો પણ નોંધાયા છે. આ ઉપરાંત ચોમાસાને કારણે રાત્રિના સમયે વરસાદ પડતો હોવાથી રાત્રે કોઈ જીવ જનાવર કરડવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. દુધિયા નગરના કેટલાક રહિશો દ્વારા આ બાબતે પંચાયત સત્તાધિશોને સ્ટ્રીટ લાઈટ બંધ હોવાની મૌખિક ફરિયાદ કરી છે. પરંતુ સત્તાધિશોની નિષ્કાળજીને કારણે નગરજનોને વ્યાપક મુશ્કેલી વેઠવી પડી છે. ત્યારે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી હાથ ધરી નગરની બંધ સ્ટ્રીટલાઈટો સત્વરે ચાલુ થાય તેવુ નગરજનો ઈચ્છી રહ્યા છે.

## દે.બારીયામાં વરસાદના છાંટા સાથે વિજ પુરવઠો ડૂલ

દે.બારીયા,

દે.બારીયામાં હાલ કેટલા દિવસ થી મેઘરાજા મહેરબાન થયા છે. ત્યારે દે. બારીયાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદને લઈ વિજ પુરવઠો બંધ કરવામાં આવી રહ્યો છે. અને છેલ્લા ૩ થી ૪ દિવસ થી વરસાદનાં છાંટા ચાલુ થતાંની સાથે જ વિજ પુરવઠો બંધ કરી દેવામાં આવતાં હાલ દે.બારીયાના ગ્રામ વિસ્તારના લોકોને ખેતી કામ કરવામાં પડતી તકલીફોને લઈ વિજ પુરવઠો બંધ ન કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે. વિજ પુરવઠા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, હાલ ચાલુ થયેલ વરસાદને લઈ વિજ પુરવઠો બંધ કરવામાં આવે તો હોય છે અને નાના ફિડરો ચેક કરવામાં આવતાં હોય છે. જેને લઈ વિજ પુરવઠો બંધ કરવો પડતો હોય છે.

## દિલ્હી NCRમાં મેઘરાજાની મહેર : ૧૯ વર્ષનો રેકોડ તોડ્યો

નવી દિલ્હી,

ભારતીય હવામાન વિભાગે ૫ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પણ લોકોને વરસાદના કારણે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. અત્યારની સ્થિતિને જોઈને હવામાન વિભાગ તરફથી એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. ધોધમાર વરસાદને કારણે મિન્ટો બ્રિજ, આઈટીઓ સહિત ઘણાં વિસ્તારોમાં કાર ફસાઈ ગઈ હતી. દિલ્હીના લોદી ગાર્ડન, આઈજીઆઈ એરપોર્ટ જેવા વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો. હવામાન વિભાગે જણાવ્યું છે કે, વિજળીના કડાકા-ભડાકા સાથે દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના તમામ વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. રાજધાની દિલ્હીના ઘણાં વિસ્તારોમાં મેઘરાજા મન મુકીને વરસી રહ્યાં છે. છેલ્લાં બે દિવસથી પડતો સતત વરસાદ ગુરૂવારે પણ જોવા મળ્યો. ભારે વરસાદને કારણે ઘણાં વિસ્તારો જળબંબાકાર બન્યાં હતા. જેના કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો. વહેલી સવારથી આવી રહેલા ધોધમાર વરસાદને કારણે ઘણી જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી. ધોધમાર વરસાદ અને રસ્તા જળબંબાકાર થયા હોવાથી લોકોએ ઘરમાંથી બહાર જવાનુ ટાળ્યું હતું. દિલ્હીમાં ભારે વરસાદને કારણે જાહેર માર્ગો પર પાણી ભરાયુ છે. જેના કારણે લોકોને રસ્તા પર ચાલવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દિલ્હીમાં સતત બે દિવસથી મેઘરાજાએ ધડબડાટી બોલાવતા ગઈકાલે ૧૯ વર્ષનો રેકોર્ડ તોડ્યો હતો. છેલ્લાં ૨૪ કલાકમાં ૧૧૨.૧ મિમી વરસાદ નોંધાયો છે. આ ૧૯ વર્ષમાં એક દિવસમાં સૌથી વધારે વરસાદ થયો છે. અગાઉ વર્ષ ૨૦૦૨માં ૧૨૬.૮ મિમી વરસાદ નોંધાયો હતો. ૧૯૬૧ થી ૨૦૨૧ સુધી ૬૧ વર્ષમાં આ પાંચમી વખત છે, જ્યારે સપ્ટેમ્બરમાં ૨૧ કલાકમાં આટલો વરસાદ પડ્યો. જેનાથી મહત્તમ તાપમાન સામાન્યથી ૬ ડિગ્રી અને ન્યૂનત્તમ તાપમાન સામાન્ય થી ત્રણ ડિગ્રી ગગડ્યુ. આજે સવારથી દિલ્હી-એનસીઆરના ઘણાં વિસ્તારમાં ધીમીધારે વરસાદ પડી રહ્યો છે.

## અફઘાનિસ્તાનમાં તાલિબાનીઓ મોટી તૈયારીઓમાં વ્યસ્ત

દિલ્હી,

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સૈન્યની સંપૂર્ણ વાપસી બાદ વ્હાઈટ હાઉસમાં પ્રેસ-કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન બાઈડને અફઘાનિસ્તાનમાં ફસાયેલા અમેરિકનોને પરત લાવવાનો દાવો કર્યો અને કહ્યું હતું કે અત્યારે ત્યાં લગભગ ૧૦૦-૨૦૦ અમેરિકનો ફસાયેલા છે. બાઈડનની અફઘાનિસ્તાનમાં ફસાયેલા અમેરિકનોના મુદ્દે ટીકા થઈ રહી હતી. જ્યારે બાઈડનને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે જે નાગરિકો ફસાયેલા છે, તેમની પાસે અફઘાનિસ્તાનની નાગરિકતા પણ છે. અગાઉ આ લોકોએ તેમના અફઘાન મૂળનો હવાલો આપતાં ત્યાં રહેવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ હવે તેઓ ત્યાંથી બહાર આવવા માગે છે. અફઘાનિસ્તાનમાં રહેલા તમામ અમેરિકનો પાછા આવવા માગતા હતા, તેમાંથી ૯૦% પરત આવી ગયા છે અને ફસાયેલા લોકો માટે કોઈ સમયમર્યાદા નથી. અમે તેમને પરત લાવવા માટે પ્રતિબદ્ધ છીએ. તાલિબાને અફઘાનિસ્તાનમાં પોતાની સરકાર બનાવવાની ફોર્મ્યુલા લગભગ નક્કી કરી લીધી છે. ટૂંક સમયમાં તાલિબાન પોતાની સરકારને દુનિયા સમક્ષ જાહેરાત કરશે કાબુલમાં તેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તાલિબાન અફઘાનિસ્તાનમાંઈરાનના મોડેલ સાથે સરકાર બનાવી શકે છે. મુલ્લા હિબતુલ્લાહ અખુંદઝાદા અફઘાનિસ્તાનના નવા સર્વોચ્ચ નેતા બની શકે છે. અમેરિકાએ અફઘાનિસ્તાનમાં અલકાયદાની કમર તોડી નાખી હતી, પરંતુ જલદી જ તેની લશ્કરી હાજરી દૂર થતાં અલકાયદાએ ફરી હિંમત બતાવવાનું શરૂ કર્યું છે. અફઘાનિસ્તાનમાંથી યુએસ સૈન્ય વાપસીના બીજા જ દિવસે, અલકાયદાએ તાલિબાનને અફઘાનિસ્તાનની જેમ કાશ્મીરને આઝાદ કરવું જોઈએ. અલકાયદાએ કહ્યું, તેવી જ રીતે લેવન્ટ, સોમાલિયા, યમન, કાશ્મીરને આઝાદ કરવું જોઈએ. જોકે તાલિબાને પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે કે તે અફઘાનિસ્તાનને આતંકવાદીઓના હાથમાં આવવા દેશે નહીં. તાલિબાન નેતા અનસ હક્કાનીએ બુધવારે કહ્યું, 'અમે કાશ્મીરને લઈને અમે દખલ કરીશું નહીં. અમે ભારત સાથે મૈત્રીપૂર્ણ અને સારા સંબંધો ઈચ્છીએ છીએ. કાશ્મીર અમારા અધિકારક્ષેત્રમાં આવતું નથી. અમે અમારી નીતિ વિરુદ્ધ કામ કરીશું નહીં.' કાબુલ એરપોર્ટ પરથી યુએસ આર્મી રવાના થયા બાદ પણ અફઘાનિસ્તાનથી લોકોના હિજરતની પ્રક્રિયા અટકવાનું નામ નથી લઈ રહી. તાલિબાનની નિર્દયતા અને ડરને કારણે લોકો ગમે તેમ કરીને દેશ છોડવા માગે છે. એરપોર્ટ બંધ છે, પરંતુ લોકો પર્વતો અને રેતાળ રસ્તાઓ દ્વારા પાકિસ્તાન, તુર્કી અને ઈરાનની સરહદોમાં આશ્રય લઈ રહ્યા છે. જેમાં હજારોની સંખ્યામાં મહિલાઓ (સગર્ભા સ્ત્રીઓ સહિત), બાળકો, વૃદ્ધો અને યુવાનો તાલિબાનથી દૂર આ માર્ગો પર ચાલી રહ્યા હતા. આ ભીડમાં ઘણા એવા લોકો પણ છે, જેઓ પગપાળા ૧૫૦૦ કિમી ચાલીને તુર્કી, ઈરાન તરફ ભાગી રહ્યા છે. અફઘાનિસ્તાન છોડ્યા બાદ અમેરિકાની સેનાના જનરલ માર્ક મિલ્લેએ કહ્યું કે તાલિબાન એક ક્રૂર સંગઠન છે અને તે બાબતે પણ કશું કહી શકાય નહીં કે તે બદલાશે કે નહીં. આ દરમિયાન, મિલ્લેએ તાલિબાન સાથે અમેરિકાના અત્યાર સુધીના ડિલિંગ્સ વિશે કહ્યું કે, આવી સ્થિતિ પર તમે એ જ કરો છો જે તમારા મિશન અને સેનાના જોખમ ઘટાડવા માટે જરૂરી હોય છે, ન કે તે જે તમે ઈચ્છો છે. જ્યારે, ઓસ્ટિને કહ્યું કે તાલિબાન સાથે ભવિષ્યના સહયોગ વિશે કોઈ અનુમાન કરી શકીએ નહીં, પરંતુ અમારુ ISIS-K પર ધ્યાન કેન્દ્રિત રહેશે. અફઘાનિસ્તાનમાં તાલિબાન તેની સરકાર બનાવવાની તૈયારી કરી રહ્યું છે અને લૂંટેલાં અમેરિકન હથિયારો સાથે પરેડ કરી રહ્યું છે. બીજી બાજુ, દેશ ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ ચેતવણી આપી છે કે અફઘાનિસ્તાન એક મહિનાની અંદર ખાદ્ય સંકટનો સામનો કરી શકે છે અને ત્રણમાંથી એક વ્યક્તિને ભૂખમરાનો સામનો કરવો પડી શકે છે. એમ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાનનાં અડધાથી વધુ બાળકો અત્યારે ખોરાક માટે તડપી રહ્યાં છે. પંજશીરમાં તાલિબાન સામે યુદ્ધ લડી રહેલા પ્રતિકાર દળે કહ્યું હતું કે લડાઈ ચાલુ રહેશે, કારણ કે તાલિબાન સાથે વાતચીતનું કોઈ પરિણામ આવ્યું નથી. આખા અફઘાનિસ્તાનમાં પંજશીર એકમાત્ર એવું ક્ષેત્ર છે, જ્યાં તાલિબાન કબજો કરી શક્યું નથી. અહમદ શાહ મસૂદનો પુત્ર અહમદ મસૂદ, જે સિંહ ઓફ પંજશીર તરીકે જાણીતો છે અને અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહ તાલિબાન સામે યુદ્ધનું નેતૃત્વ કરી રહ્યા છે. તાલિબાનના એક વરિષ્ઠ નેતાએ બુધવારે કહ્યું હતું કે તેમણે પંજશીરને ઘેરી લીધું છે અને બળવાખોરોને સમજૂતી કરવા કહ્યું છે. પંજશીરના લોકોને રેકોર્ડ કરેલું ભાષણ પણ સંભળાવવામાં આવ્યું હતું, જેમાં વરિષ્ઠ તાલિબાન નેતા અમીર ખાન મોટાકીએ બળવાખોર લડવૈયાઓને શસ્ત્ર હેઠાં મૂકવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે અફઘાનિસ્તાનનું ઈસ્લામિક અમીરાત તમામ અફઘાનોનું ઘર છે. કતારમાં તાલિબાનના રાજકીય કાર્યાલયના નાયબ વડા શેર મોહમ્મદ અબ્બાસ સ્ટેનિકઝઈએ બુધવારે જણાવ્યું હતું કે ત્રણ દિવસમાં નવી સરકારની જાહેરાત કરવામાં આવશે. એમાં તે લોકો સામેલ નહિ કરવામાં આવે, જેઓ ૨૦ વર્ષથી સરકારમાં છે. નવી સરકારમાં પવિત્ર અને શિક્ષિત લોકો સામેલ હશે. મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવશે. આ પહેલાં તાલિબાન નેતા અનસ હક્કાનીએ પણ કહ્યું હતું કે સરકાર બનાવવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.10

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગર પાલિકા વિસ્તારના જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓનો અડીંગો



- પાલિકા તંત્ર રખડતા પશુઓના ત્રાસ દુર કરવામાં નિષ્ફળ.
- જાહેર માર્ગો ઉપર પશુઓ અડીંગો જમાવતા ટ્રાફિકની સમસ્યા.
- થોડા દિવસ પહેલા દાહોદ હાઈવે ઉપર વાહનની રાહ જોતી મહિલાને આખલા એ શીંગડે ભરાવતા મોત.
- રોડ ઉપર રખડતા ઢોરને લઈ અવારનવાર નાના-મોટા અકસ્માતનો કાયમી ભય.
- પાલિકાના વાંકે નિર્દોષ લોકો રખડતા પશુઓનો ભોગ બને છે.

ગોધરા શહેર હાઈવે રોડ ઉપર થોડા દિવસો પૂર્વ સંતરોડ ગામની મહિલા વાહન રાહ જોઈને રોડ સાઈડમાં ઉભી હતી. ત્યારે ગામની મહિલા વાહનની રાહ જોઈને રોડ સાઈડમાં ઉભી હતી. ત્યારે આખલા એ મહિલાને શિંગડે ભેરવીને ઉછાળી નાખતાં મહિલાને ગંભીર ઈજાઓ થવા પામી હતી અને દવા સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજાવા પામ્યું છે. રખડતા ઢોરને લઈ જ્યારે નિર્દોષ લોકો ભોગ બની રહ્યા છે અને જાન પણ ગુમાવી પડે છે. ત્યારે આવા રખડતા પશુઓના ત્રાસ થી ગોધરા શહેરના નગરજનોને છુટકારો આપવામાં આવે તો કોઈને જી ગુમાવવો ન પડે.

ગોધરા,

ગોધરા શહેરના જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓ અંડીગો જમાવતા અનેક નાના-મોટા અકસ્માતના બનાવો બનતા હોય છે. તેમાં પણ થોડા દિવસો અગાઉ આખલા એ મહિલાને શીંગડે ભરવતા ગંભીર ઈજાઓ થવા પામી હતી અને સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે. આ બનાવ બાદ લોકોમાં રખડતા પશુઓથી ડર અનુભવી રહ્યા છે. શહેરમાં રખડતા ઢોરને હટાવવાની જવાબદારી પાલિકા તંત્રની હોય છે પરંતુ ગોધરા પાલિકા તંત્ર દ્વારા અત્યાર સુધી રખડતા ઢોરના ત્રાસ થી નગરજનોને છુટકારો આપવા કાર્યવાહી કરી નથી અને જાણે રખડતા ઢોરોથી લોકોની પરેશાનીમાં વધારો કરવા માટે પાલિકાને રસ હોય તેમ લાગી રહ્યું છે.

ગુજરાત રાજયના મહાનગરોથી લઈ પાલિકા વિસ્તારોમાં રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય બનતો જાય છે. રખડતા ઢોર હાઈવે માર્ગો તેમજ શહેરના જાહેર માર્ગો તેમજ આંતરિક માર્ગો ઉપર અડીંગો જમાવી દેતા હોય છે. પરિણામે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તેમાં પણ રોડ ઉપર અડીંગો જમાવી દેતા પશુઓને લઈ રોજબરોજ અનેક અકસ્માતના બનાવો બનતા હોય છે. તેમાં અનેક લોકોને જીવ ગુમાવવાનો વારો પણ આવતો હોય છે. શહેરમાં રખડતા પશુઓને પકડવાની જવાબદારી જે તે પાલિકાની થતી હોય છે પરંતુ પાલિકા તંત્ર આવી કામગીરી માટે અનદેખી કરવામાં આવતી હોય તેમ લાગે છે.

ગોધરા શહેરના જાહેર માર્ગો ઉપર કાયમી ધોરણે રખડતા પશુઓનો ત્રાસ ગંભીર બની રહ્યો છે. રોડ ઉપર રખડતા પશુઓ અડીંગો જમાવી દેતા ટ્રાફિકની સમસ્યા ગંભીર બનતી જાય છે. તેમ છતાં ગોધરા પાલિકા તંત્ર રખડતા પશુઓને પકડીને ડબ્બે પુરવામાં વામણી પુરવાર થઈ રહી છે. રખડતા પશુઓ રોડ ઉપર અડીંગો જમાવી દેતા અવાર-નવાર નાના મોટા અકસ્માત સર્જાતા હોય છે. જાહેર માર્ગો ઉપર અવાર-નવાર આખલાઓ વચ્ચે લડાઈ થતાં રોડ ઉપર થી પસાર થતાં રાહદારીઓ વાહન ચાલકો પણ અડફેટમાં આવતાં ઈજાઓ થવાના બનાવો પણ બનેલ છે. તેમ છતાં ગોધરા પાલિકા તંત્ર શહેરના જાહેર માર્ગો ઉપર અડીંગો જમાવતા પશુઓને દુર કરવામાં નિષ્ફળ રહી છે. જેને પરિણામે રખડતા પશુઓને લઈ નગરજનોને પરેશાની વેઠવી પડે છે. ત્યારે ગોધરા પાલિકા તંત્ર દ્વારા રખડતા પશુઓનો ત્રાસ દુર કરવા કાર્યવાહી કરે તે જરૂરી છે.

## શહેરા મંગળા ડાભીના મુવાડા ખાતે સ્મશાન માર્ગ પરનું દબાણ દૂર કરવા ગ્રામ પંચાયતના સરપંચને ઉગ્ર રજૂઆત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બોરીયાવી ગામના મંગળા ડાભી ના મુવાડા ખાતે સ્મશાન તરફ જવાનો રસ્તો નવીન બની રહયો હોવાથી સ્થાનિક ગ્રામજનોમાં ખુશી જોવા મળી હતી. ગામના અગ્રણી અને જાગૃત ગ્રામજનો એકત્રિત થઈને સરપંચને બોલાવીને સ્મશાન તરફ જવાના નવીન બની રહેલ રસ્તા પરનું દબાણ દૂર કરવા માટેની રજૂઆત કરવામાં આવી હતી. ગામના સરપંચ જના ભાઈ નાયકએ સી.સી. રસ્તા પર ના થાંભલા દૂર કરવામાં આવ્યા હોવાનુ ઉપસ્થિત ગ્રામજનોને જણાવવા સાથે આ રસ્તા પર સરકારી જમીનમા દબાણ હશેતો દૂર કરવા માટેની કાર્યવાહી કરવામાં આવનાર છે.

શહેરા તાલુકાના બોરીયાવી ચોકડીથી ગામ તરફ જવાનો રસ્તો એક વર્ષ ઉપરાંતથી બિસ્માર હાલતમાં હોવાથી સરપંચ તેમજ જાગૃત ગ્રામજનો દ્વારા ગામના અગ્રણી મહેન્દ્રસિંહ ગુલાબ સિંહ ડાભીને રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈને મહેન્દ્રસિંહ ડાભીએ ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડને અને આર.એમ.બી. તંત્રને ગામનો અંદાજિત પાંચ કિમી સુધીનો નવીન રસ્તો વહેલી તકે બને તે માટે રજૂઆત કરતા આ રસ્તો મંજૂર થયો હતો. બોરીયાવી ચોકડીથી ગામ સુધીનો નવીન ડામર રસ્તાની કામગીરી શરૂ થતા ગ્રામજનો અને વાહન ચાલકોમાં ખુશીની લાગણી છવાઈ હતી. ગામના મંગળા ડાભીના મુવાડાનુ મુખ્ય સ્મશાન તરફનો રસ્તો બિસ્માર હોવા સાથે અંતીમ યાત્રામાં અહીથી પસાર થવામાં ડાઘુઓને ભારે તકલીફ પડતી હતી. સ્મશાનનો રસ્તો નવીન બનતો હોવાથી પહોળો કરવાની જરૂર હોવાથી રસ્તા પરનું દબાણ દૂર કરવા માટે ગુરૂવારના રોજ ગામના અમરસિંહ ખાંટ, અર્જુન ભાઈ ડાભી, સ્વરૂપભાઈ ડાભી, ફુલાભાઈ ડાભી, મહેન્દ્રસિંહ ડાભી તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્રિત થઈને ગ્રામ પંચાયતના સરપંચ જનાભાઈ નાયકને સ્મશાન તરફ જવાના રસ્તા પર બોલાવામાં આવ્યા હતા. જાગૃત ગ્રામજનો દ્વારા નવીન બની રહેલ સ્મશાન તરફ જવાના રસ્તા પર સરકારી જમીનનું દબાણ તાત્કાલિક દૂર કરવામાં આવે તેવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. ગામના સરપંચ જનાભાઈ નાયકએ સી.સી. રસ્તા પરના થાંભલા દૂર કરવામાં આવ્યા હોવાનું ઉપસ્થિત ગ્રામજનોને જણાવવા સાથે સરકારી જમીનનું દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી માટે લાગતી વળગતી કચેરીએ જાણ કરવામાં આવનાર છે. ગામમાં સ્મશાન તરફ જવાનો નવીન બની રહેલ રસ્તાની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવામાં તેવી ગામના અગ્રણી અને જાગૃત ગ્રામજનોની માંગ ઉઠી છે.

## ગોધરા તાલુકાના પઢીયાર થી અંદરના મુવાડા જવાનો કાચો અને બિસ્માર રસ્તાથી ગ્રામજનો પરેશાન



ગોધરા,

ગોધરા તાલુકાના પઢીયાર ગામના અંદરના મુવાડાથી પઢિયાર સુધીના જવા -આવવાના માર્ગમાં વચ્ચે એક મોટું કોતર હોવાથી ગામમાં જવા માટે સ્થાનિક લોકોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જીવન જરૂરિયાત તેમજ દૈનિક કામ માટે ગામમાં અવર જવર કરવા માટે ચોમાસાના સમયમાં ખૂબ જ તફલીફ પડે છે. આ ઉપરાંત બાળકોને ભણવા માટે શાળાએ જવા, દૂધ મંડળીમાં ગ્રાહકોને દૂધ ભરવા જવામાં, દૈનિક જીવનમાં તેમજ ખેતરમાં જતા આવતાં ખેડૂતોને,પશુઓ માટે ઘાસ લેવા જતાં, ઘંટીએ દરણું દળાવા જતાં, પંચાયતનું કામ, બેન્કને લગતા કામ, બાળકોને ભણવા જવા વગરે જેવી ઘણી બધી બાબતોમાં પારાવાર મુશ્કેલીઓ પડે છે. લોકો ત્રાહિમામ થઈ ગયા છે. જ્યારે નદીમાં પાણી ભરપૂર આવે ત્યારે પાણી આવતા જતાં તણાઈ જવાનો ભય રહે છે. પાણી ફૂલ હોય ત્યારે પશુઓને લઈ જવા લાવવામાં,ખેતરમાં કામ કરવા જવા માટે, નદી પાર કરવા માટે ત્યાંના સ્થાનિક લોકોને ૬-૭ કિલોમીટર ખેતરની પાળીઓમાંથી ફરીને આવવું પડે અને પાળી પર રહીને જવું પડે છે. તેમાં ખેતરમાં સાપ જેવા ઝેરી જીવજતુંઓનો કરડવાનો ડર રહે છે. નદીમાં અજગર, મગર હોવાથી નદીમાં ઊતરીને જવા માટે જોખમ લઈને જવું પડે છે. જો વધારે પાણી હોયતો તેમાંથી નીકળવાનું ખૂબજ મૂશ્કેલ છે જો તેવો પ્રયાસ કરે તો તે પાણી સાથે તણાઈ જવાનું જોખમ છે .તેમાં પોતાનું વાહન લઈ જઈ શકાતું નથી. કારણ કે તેમાં ખુબજ પ્રમાણમાં કીચડ રહેલી છે.આ અંગે અનેક વાર રજુઆત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. સ્થાનિક લોકોની માંગ છે કે અહીંયા એક પુલ કરી અવર જવરનું માધ્યમ ઊભું કરી આપે તો લોકોને અવર જવરમાં તફલીફના પડે અને જોખમથી છુટકારો મળે તેવી ગામ લોકો આશા સેવી રહ્યા છે. આઝાદીના ૭૫ વર્ષ થયા અને તેની ઉજવણી થઈ રહી હોય ત્યારે આવા પણ ગામડાં હજું રહ્યા છે. જ્યાં સુવિધાના નામે આવા મહાન પ્રશ્નો હજુય લટકે છે. તે બાબતે આ વિસ્તારના વિધાર્થી આગેવાન અને યુવા સોશિયલ વર્કર આશિષકુમાર બારીઆ એ રજૂઆત કરી છે.

## શહેરા સરકારી વિનયન કોલેજમાં કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું

શહેરા,

સરકારી વિનયન કોલેજ શહેરાના ગ્રીન એન્ડ કલીન કેમ્પસ કલબ અંતર્ગત ધ્વનિ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગ થી વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

કોલેજના ગ્રીન એન્ડ કલીન કેમ્પસ તથા ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ ગાંધીનગર અને ધ્વનિ



એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ લુણાવાડા ના સંયુક્ત ઉપક્રમે આજરોજ તારીખ ૦૨-૦૯-૨૦૨૧ના રોજ કોલેજ કેમ્પસમાં ‘‘ઔષધીય વન ’’બનાવવાના હેતુથી ભારત સરકાર ના નેશનલ કેમ્પેઈન એવા ‘‘આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગ’’ નિમિત્તે આજે કોલેજના પ્રિન્સીપાલ ડો.વિપુલ ભાવસાર તથા સિનિયર અધ્યાપક ડો. ડી. આર.માછી દ્વારા મંત્રોચ્ચાર કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ ‘‘ઔષધીય વન’’ ને ‘‘ ઝવેરચંદ મેઘાણી વન’’ એવું નામાભિધાન કરવામાં આવશે એવું આજના કાર્યક્રમમાં પ્રિન્સીપાલ એ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું.

વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ ગણ, એન.એસ.એસ અને એન.સી.સી. તથા કોલેજના અન્ય વિદ્યાર્થીઓ કલબના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહી આજના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ઘોઘંબાના રવેરી નજીક થી સ્ટેટ વિજીલન્સ ટીમે કુઝરમાં લઈ જવાતો ૫.૭૬ લાખનો દારૂ ઝડપ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ગુજરાત સ્ટેટ વિઝીલન્સની ટીમ ઘોઘંબા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. ત્યારે બાતમી મળેલ કે, જીજે.૨.એન.૬૧૫૦ નંબરની ક્રુઝર ટેમ્પો ગાડી ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો ભરી પસાર થવાની હોવાની બાતમી મળતા વિજિલન્સની ટીમ દ્વારા રવેરી નજીક વર્ણન વાળી ગાડી નજરે પડતા તેને રોકવા માટે ઈશારો કરેલ પરંતુ ચાલકે ગાડી પુરપાટ ઝડપે ભગાવી મુકેલ જેથી પોલીસે ગાડીનો પીછો કરી પકડી પાડેલ આ દરમ્યાન ગાડીનો ચાલક વિપુલ ઉર્ફે વિપુલ ભાટ નાગજીભાઈ રાઠવા, રહે.ભાટ તાલુકો-હાલોલના અંધારાનો લાભ લઈ ગાડી મૂકીને નાશી ગયો હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી૧૫૫ પેટી ભારતીય બનાવટ વિદેશી દારૂની બોટલો નંગ ૫૭૬૦ નંગ જેની કિંમત રૂ.૫,૭૬,૦૦૦ તથા ક્રુઝર ગાડી જેની કિંમત રૂ.૪,૫૦,૦૦૦ મળી કુલ ૧૦,૨૬,૦૦૦ના મુદ્દામાલ કબજે લીધો હતો અને ભાગી છુટેલ વિપુલ રાઠવા સહિત દારૂ મોકલનાર તથા મંગાવનાર ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેઓને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આટલો મોટો દારૂનો જથ્થો ઝડપાતા સ્થાનિક પોલીસ સામે સવાલો ઉભા થયા છે અને બે નંબરીયા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## શહેરાના સદનપુરા પ્રા.શાળાના બાપુ સેવા સન્માન એવોર્ડ થી સન્માનિત કરાયા




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના સદનપુર ગામની મુખ્ય પ્રાથમિક શાળામાં શિક્ષક અરવિંદકુમાર એમ.પંચાલને બાપુ સેવા સન્માન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવતા શિક્ષણ પરિવારમાં ખુશીની લહેર છવાઇ હતી.

શહેરા તાલુકાના સદનપુર ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા અરવિંદકુમાર એમ.પંચાલને વેક પીપલ કાઉન્સિલ ભોપાલ દ્વારા ફિલ્મઈન્ડસ્ટ્રીઝના જાણીતા કલાકાર રાજીવ વર્મા તેમજ વેક પીપલ કાઉન્સિલના પ્રેસિડન્ટ વિજય બજાજના હસ્તે ગાંધીબાપુનો પ્રિય ચરખો અને સન્માન પત્ર દ્વારા ‘‘બાપુ સેવા સન્માન એવોર્ડ ૨૦૨૦’’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેઓના દ્વારા સામાજિક તથા શૈક્ષણિક કાર્યોમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરી ઉત્તમ પ્રકારની સેવાઓ કરીને આ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંસ્થા દ્વારા નોંધ લેવામાં આવી હતી. સાથે તેઓને મહાત્મા ગાંધીને પ્રિય એવો ચરખો તથા સન્માન પત્ર આપીને તેમની શિક્ષક પ્રત્યેની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વિજયભાઈ બજાજ તથા ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં મહત્વનું સ્થાન ધરાવતા રાજીવ વર્માજી સહિત નામાંકીત ફિલ્મી સ્ટાર સહિતનાઓ ઉપસ્થિત રહયા હતા. શિક્ષક અરવિંદકુમાર પંચાલને બાપુ સેવા સન્માન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવતા શિક્ષણ પરીવારમાં ખુશીની લહેર છવાઈ હતી.

## ગોધરા તાલુકા મણીપુર નવી વસાહતમાં ૨૦૧૮માં હત્યાના ગુનામાં આરોપીને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ



ગોધરા,

પંચમહાલ જિલ્લાના પ્રિન્સિપાલ ડીસટીકટ જજ નાઓ દ્વારા આજરોજ ખૂનના ગુન્હાના કામના આરોપીને આજીવન કેદ ની સજા અને ૫૦૦૦/- રૂપિયા દંડ કર્યો.

૨૦૧૮ની સાલમાં મણીપુર નવી વસાહત ખાતે સંજય ગોહિલને તેના મિત્ર પ્રકાશ કાળુભાઇ વસાવા એ છોકરી સાથે સંબંધ રાખવાની અદાવતમાં માથામાં ધારીયું મારીને ખૂન કરી દેવામાં આવેલ છે. બાબતની ફરિયાદ વેજલપુર પોલીસ સ્ટેશનમાં મરનારની માતા એ નોંધાવેલી. જે ફરિયાદની તપાસ વેજલપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરતાં પંચમહાલના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ જે.આર.શાહની કોર્ટમાં ચાલવા માટે આવતા નામદાર કોર્ટમાં ફરિયાદ પક્ષના સાક્ષીઓએ ફરિયાદ ને અનુરૂપ પુરાવો આપતાં તથા આ કામે મરણજનાર દ્વારા મરણ જતાં અગાઉ સાહેદોને બનાવ બાબતે જણાવતાં તથા મહત્વના સાહેદ દ્વારા નામદાર કોર્ટ રૂબરૂ ક્રિ.પો.કોડ ૧૬૪ મુજબનું નિવેદન આપતાં તથા આ નિવેદન ને સાહેદીમાં પણ સમર્થન આપેલ આમ નામદાર કોર્ટ સમક્ષ યોગ્ય પુરાવો આવતા નામદાર કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર ની વિગતવારની દલીલોને ધ્યાનમાં લઈ આરોપીને આજીવન કેદની સજા અને ૫૦૦૦ રૂપિયા દંડ કરેલ છે.

## શહેરાના બોરીયાવી ગામે ખેતરની ફરતે બનાવેલ ફેન્સિંગ વાડ તોડી નાંખવામાં કેટલાક ઈસમો સામે આક્ષેપ

શહેરા,

પંચમહાલ જિલ્લાના બોરયાવી ગામે જમીનના માલિકે પોતાના ખેતરની ફરતે બનાવેલી ફેન્સિંગની વાડ તોડી નાંખવાનો કેટલાક ઈસમો પર આક્ષેપ કર્યો હોવાનુ જાણવા મળેલ છે.

બોરીયાવી ગામના ખેડુત સાલમભાઈ રત્નાભાઈના જણાવ્યાનુસાર ખેતરની ફરતે તારની ફેન્સિંગ બનાવી હતી તે જે તેમને વીડિયોમાં જણાવ્યુ છે તે પ્રમાણે બોરીયાવી ગામના કેટલાક માણસો દ્વારા આ ખેડુતના ફેન્સિંગની વાડને કોઈ જાણ કર્યા વગર તોડી નાંખેલ છે તે જ યોગ્ય તપાસ કરી આ ખેડુતોને ન્યાય અપાવી યોગ્ય વળતર આપવા માંગ કરી છે. જાગૃત યુવા ટીમના અભેસિંહ દલાભાઈ દ્વારા આર એન્ડ બી વિભાગનો ટેલિફોનીક સંપર્ક કરત આર એન્ડ બી વિભાગ આ સમગ્ર ઘટનાથી અજાણ હોવાનુ જણાવેલ છે. અત્રે નોંધનીય છે કે આ પહેલા પણ ગામમાં આ રીતેના બનાવો ભુતકાળમાં બન્યા છે. જેને લઈને ગામમાં ભયનો માહોલ ફેલાયો છે.

## સ્કુલો ખુલી હોવા છતાં વાલીઓ વિદ્યાર્થીઓને સ્કુલે મોકલતા ખચકાય છે

વડોદરા,

કોરોનાની બીજી લહેર હવે ઓસરી રહી છે. ત્યારે ગુજરાત સરકાર ધોરણ ૬થી ૮ના વર્ગો ફરીવાર શરૂ કરી રહ્યા છે. કોરોનાની ત્રીજી લહેરની શક્યતાઓ વચ્ચે સ્કૂલો ઑફલાઈન શરૂ કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીઓને ૫૦ ટકા કેપેસિટી સાથે ભણાવવામાં આવી રહ્યા છે. વાલીઓને પણ મનમાં ત્રીજી લહેરની ચિંતા સતાવી રહી છે, જેને કારણે તેઓ પોતાનાં બાળકને સ્કૂલમાં ઑફલાઈન અભ્યાસ માટે મોકલવાનું ટાળી રહ્યા છે.શહેરની ૫૦ થી પણ વધારે શાળાઓમાં ધોરણ ૬ થી ૮ માં વિદ્યાર્થીઓને ઓફલાઈન અભ્યાસ માટે મોકલવા માટે એક પણ વાલીઓએ સંમતિ આપી ના હોવાનું જાણવા મળ્યું છે. મોટાભાગના વાલીઓ થોભો અને રાહ જુઓની નિતિ અપનાવી રહ્યા છે. નવા સત્રની શરૂઆત પછી પ્રથમ વાર ધોરણ ૬ થી ૮ ની શાળાઓ ઓફલાઈન માધ્યમથી શરૂ કરવામાં આવી રહી છે. કોરોના કેસ વધતાં ગત સત્રમાં ૧૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા વર્ગો મહિનામાં જ બંધ કરવા પડયા હતા. ૨ સપ્ટેમ્બરથી ધોરણ ૬ થી ૮ નું શૈક્ષણિક કાર્ય શરૂ થશે. શિક્ષણ સમિતિની ૧૨૦ જેટલી શાળાઓમાં ૫૦ ટકા વાલીઓની સંમતિ આપી છે. જયારે ૩૫૦ ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓમાં માંડ ૨૦ ટકા વાલીઓએ સંમતિ આપી છે. જે મુજબ ૪૭૦ સ્કૂલના ૮૦ હજાર બાળકો પૈકી ૨૮ હજાર વિદ્યાર્થીને વર્ગમાં ભણાવવા વાલીઓએ તૈયારી બતાવી છે. ધોરણ ૬ થી ૮ માં ૮૦ હજાર બાળકો અભ્યાસ કરી રહ્યા છે. દોઢ મહિના પહેલા ઓફલાઈન મોડથી શરૂ થયેલા ધોરણ ૯ થી ૧૨ માં ૫૦ ટકા હાજરી નોંધાઈ રહી છે. ધોરણ ૬ થી ૮ની સ્કૂલો ગુરુવાર ૨ સપ્ટેમ્બરથી શરૂ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેર-જિલ્લામાં ૪૭૦ જેટલી સ્કૂલોના ૮૦ હજાર બાળકોને ઓનલાઈનમાંથી મુક્તિ મળશે. ગત સત્રમાં ૧૮ ફેબ્રુઆરીએ શરૂ થઈ સ્કૂલો શરૂ થઈ હતી માર્ચમાં સેકન્ડ વેવ સમયે સ્કૂલો બંધ કરાઈ હતી. અત્યારે ધોરણ ૯ થી ૧૨ ના વર્ગો ચાલી રહ્યા છે તેમાં પણ માંડ ૫૦ ટકા હાજરી થઈ રહી છે જેથી ધોરણ ૬ થી ૮ માં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ થી ૨૦ ટકા રહે તેવી શકયતાઓ છે. શાળાઓ દ્વારા વાલીઓના સંમતિ પત્રકો મંગાવવામાં આવ્યા છે જેમાં સરકારી શાળાઓમાં વધારે વાલીઓએ વિદ્યાર્થીઓને સ્કૂલો મોકલવા માટે હા પાડી છે.શિક્ષણ સમિતિની ૧૨૦ જેટલી શાળાઓમાં ૫૦ ટકા વાલીઓની સંમતિ આપી છે. જયારે ૩૫૦ ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓમાં માંડ ૨૦ ટકા વાલીઓએ સંમતિ આપી છે.ધો. ૬થી ૮ના શરૂ થનાર વર્ગોમાં સોશિયલ ડિસ્ટન્સ, ફરજિયાત માસ્કના નિયમો પણ પાળવાના રહેશે.જે તે સંસ્થાએ હેન્ડ વોશ અને સેનેટાઈઝરની વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે. ઓફલાઈન સાથે ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રાખવુ પડશે.